dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 207 | AD - 2025, Vaishakh Sud- 05 | Friday, Dt.02-05-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## આ મોદી સરકાર છે કોઈને બક્ષવામાં નહી આવે, દેશના દરેક ઇંચમાંથી આતંકવાદને જડમૂળથી ઉખેડી નાખવાનો અમારો સંકલ્પ

# એક પછી એક આતંકવાદીઓને ઠાર મારીશું : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પહેલગામ હુમલામાં સામેલ આતંકવાદીઓને ચેતવણી આપી છે કે તેઓ એવું ન વિચારે કે તેમણે "યુદ્ધ જીતી લીધું છે". પહેલગામ આતંકવાદી હુમલા પછી પોતાની પહેલી જાહેર ટિપ્પણીમાં શાહે કહ્યું, "લડાઈ હજુ પૂરી થઈ નથી. તેમણે (આતંકવાદીઓએ) એવું ન વિચારવું જોઈએ કે આપણા ૨૬ લોકોની હત્યા કર્યા પછી તેમણે યુદ્ધ જીતી લીધું છે." તેઓ બોડોફા ઉપેન્દ્રનાથ બ્રહ્માના વારસાના સન્માનમાં માર્ગ અને પ્રતિમાના ઉદ્‌ઘાટન સમારોહમાં બોલી રહ્યા હતા. તેમણે કહ્યું, "જો કોઈ કાયર હુમલો કરે છે અને તેને પોતાની મોટી જીત માને છે, તો એક વાત સમજો, આ નરેન્દ્ર મોદીની સરકાર છે, કોઈને પણ બક્ષવામાં આવશે નહીં. અમારો સંકલ્પ આ દેશના ખૂણે ખૂણેથી આતંકવાદને જડમૂળથી ઉખેડી નાખવાનો છે અને આ સિદ્ધ થશે. આ લડાઈમાં માત્ર ૧૪૦ કરોડ ભારતીયો જ નહીં પરંતુ આખું વિશ્વ ભારતની સાથે ઊભું છે." અમિત શાહે વધુમાં કહ્યું, "આ આતંકવાદ સામેની લડાઈમાં વિશ્વના તમામ દેશો એક થઈને ભારતના લોકો સાથે ઉભા છે. હું આ સંકલ્પને દોહરાવવા માંગુ છું કે જ્યાં સુધી આતંકવાદનો નાશ નહીં થાય ત્યાં સુધી અમારી લડાઈ ચાલુ રહેશે અને જેમણે તેને અંજામ આપ્યો છે તેમને ચોક્કસપણે યોગ્ય સજા આપવામાં આવશે." કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "આજે હું જનતાને કહેવા માંગુ છું કે અમે ૯૦ના દાયકાથી કાશ્મીરમાં આતંકવાદ ચલાવનારાઓ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિ પર મજબૂતીથી લડી



રહ્યા છીએ. આજે, તેઓએ (આતંકવાદીઓએ) એવું ન વિચારવું જોઈએ કે તેમણે આપણા નાગરિકોના જીવ લઈને યુદ્ધ જીતી લીધું છે. હું આતંક ફેલાવનારા બધાને કહેવા માંગુ છું કે આ લડાઈનો અંત નથી, તે એક મુકામ છે. દરેક વ્યક્તિને યોગ્ય જવાબ આપવામાં આવશે." અમિત શાહે કહ્યું કે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં, અમે દરેક બાબતનો સખત જવાબ આપ્યો છે, પછી ભલે તે ઉત્તર પૂર્વ હોય, ડાબેરી ઉગ્રવાદનો વિસ્તાર હોય કે પછી કાશ્મીર પર આતંકવાદનો પડછાયો હોય. જો કોઈ એવું વિચારે છે કે કાયરતાપૂર્ણ હુમલો કરીને તેણે મોટી જીત મેળવી છે, તો સમજી લો કે આ નરેન્દ્ર મોદી સરકાર છે અને કોઈને પણ બક્ષવામાં આવશે નહીં. આ દેશના દરેક ઈંચમાંથી આતંકવાદને જડમૂળથી ઉખેડી નાખવાનો અમારો સંકલ્પ છે અને તે પૂર્ણ થશે. જ્યાં સુધી આતંકવાદ નાબૂદ નહીં થાય ત્યાં સુધી અમારી લડાઈ ચાલુ રહેશે અને જેમણે આ કૃત્ય કર્યું છે તેમને તેના માટે યોગ્ય સજા મળશે. પહેલગામમાં થયેલા આ હુમલાએ ફરી એકવાર કાશ્મીર ખીણની સુરક્ષા સ્થિતિ પર પ્રશ્નો ઉભા કર્યા છે. શાહે એવી પણ ખાતરી આપી હતી કે સરકાર કાશ્મીરમાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવા માટે તમામ શક્ય પગલાં લઈ રહી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, હુમલાની તપાસ શરૂ કરી દેવામાં આવી છે અને સુરક્ષા દળોને આતંકવાદીઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. "આ મોદી સરકાર છે, અમે એક પછી એક લોકોને મારીશું." પહેલગામ હુમલા પર અમિત શાહે આતંકવાદીઓને પડકાર આપતા આગળ કહ્યું કે "હું આ સંકલ્પને દોહરાવવા માંગુ છું કે જ્યાં સુધી આતંકવાદનો નાશ નહીં થાય ત્યાં સુધી અમારી લડાઈ ચાલુ રહેશે અને જેમણે તેને અંજામ આપ્યો છે તેમને ચોક્કસ યોગ્ય સજા મળશે. પહેલગામ હુમલા બાદ ભારતમાં આતંકવાદ વિરુદ્ધ એક ખાસ અભિયાન ચાલી રહ્યું છે."

# ભારતીય નૌકાદળે યુધ્ધ જહાજોને એલર્ટ પર રાખ્યા, ગુજરાત નજીક કોસ્ટગાર્ડ તૈનાત

**ભારતને જવાબદારીપૂર્વક વર્તન કરવા પાકિસ્તાને અમેરિકાને કરી વિનવણી**

ન્યુ દિલ્હી,તા.૦૧

પહેલગામ આતંકવાદી હુમલાને ૮ દિવસ વીતી ગયા છે. રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) આ કેસની તપાસ કરી રહી છે. NIA ચીફ સદાનંદ દાતે ગુરુવારે બપોરે પહેલગામ પહોંચ્યા હતા. આ પછી તેઓ ઘટનાસ્થળે જશે, જ્યાં આતંકવાદીઓએ ૨૬ પ્રવાસીની હત્યા કરી હતી. ગુનાનાં સ્થળોને વધુ સારી રીતે સમજવા



માટે NIA ટીમ વિસ્તારનું 3D મેપિંગ કરશે. આતંકવાદીઓ ક્યાંથી આવ્યા હતા અને તેમણે કયો રસ્તો અપનાવ્યો હતો? આ અંગે માહિતી મેળવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હુમલા પહેલાં આતંકવાદીઓએ ચાર સ્થળની રેકી કરી હતી. બૈસરન ઉપરાંત એમાં અરુ ખીણ, બેતાબ ખીણ અને એમ્યુઝમેન્ટ પાર્કનો સમાવેશ થાય છે. સમાચાર એજન્સી ANI અનુસાર, ભારતીય નૌકાદળે યુદ્ધ જહાજોને એલર્ટ રાખ્યાં છે. તાજેતરમાં અરબી સમુદ્રમાં એન્ટી-શિપ અને એન્ટી-એરક્રાફ્ટ ફાયરિંગનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. ગુજરાત નજીક કોસ્ટગાર્ડ પણ તહેનાત કરવામાં આવ્યા છે. બીજી તરફ, પાકિસ્તાને ફરીથી આંતરરાષ્ટ્રીય સરહદ પરની ચોકીઓ પર પોતાના ઝંડા ફરકાવ્યા છે. એક દિવસ પહેલાં પાકિસ્તાને પોસ્ટ પરથી ઝંડા હટાવી લીધા હતા. આ દરમિયાન પાકિસ્તાને અમેરિકા પાસેથી મદદ માગી છે. વડાપ્રધાન શાહબાઝ શરીફે અમેરિકાને અપીલ કરી છે કે તેઓ ભારત પર જવાબદારીપૂર્વક વર્તવા અને તેનાં નિવેદનો ઘટાડવા માટે દબાણ કરે તેવી વિનંતી કરી હતી.

# દેશના ૧૪૩ મહિલા સાંસદો સામે ફોજદારી કેસ, ૧૭ મહિલા નેતાઓ અબજોપતિ

**એડીઆર દ્વારા જાહેર કરાયેલા રિપોર્ટમાં થયો ખુલાસો**

ન્યુ દિલ્હી,તા.૦૧

ચૂંટણી સુધારા પર કામ કરતા NGO એસોસિએશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR)એ મહિલા સાંસદો અને ધારાસભ્યો પર એક રિપોર્ટ બહાર પાડ્યો છે. જેમાં સામે આવ્યું છે કે દેશના કુલ ૫૧૨ મહિલા સાંસદો અને ધારાસભ્યોમાંથી ૨૮% એટલે કે ૧૪૩ મહિલા સાંસદો સામે



ક્રિમિનલ કેસ નોંધાયેલા છે. આમાંથી, ૭૮ (૧૫%) પર હત્યા અને અપહરણ જેવા ગંભીર આરોપો છે. તેમજ, ૧૭ મહિલા નેતાઓએ તેમના ચૂંટણી સોગંદનામામાં અબજોપતિ (૧૦૦ કરોડ રૂપિયા કે તેથી વધુની સંપત્તિ) હોવાનો દાવો કર્યો છે. આમાં, લોકસભામાંથી ૬, રાજ્યસભામાંથી ૩ અને વિધાનસભામાંથી ૮ મહિલાઓ છે. ૫૧૨ મહિલા સાંસદો-ધારાસભ્યોની કુલ જાહેર કરેલી સંપત્તિ ૧૦,૪૧૭ કરોડ રૂપિયા છે. સરેરાશ, દરેક પાસે ૨૦.૩૪ કરોડ રૂપિયાની સંપત્તિ છે. રિપોર્ટ મુજબ, ૭૧% મહિલા નેતાઓ સ્નાતક અથવા વધુ શિક્ષિત છે. ૨૪% મહિલાઓએ ૫ થી ૧૨ સુધીનો અભ્યાસ કર્યો છે અને ૧૨ મહિલાઓએ ડિપ્લોમા કર્યો છે. મહિલા સાંસદો અને ધારાસભ્યોમાં, ૬૪% ૪૧ થી ૬૦ વર્ષની વયના છે, ૨૨% ૨૫ થી ૪૦ વર્ષની વયના છે અને ૧૪% ૬૧ થી ૮૦ વર્ષના છે.




ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણની વિશાળ રેન્જ
Panasonic | SAMSUNG | LG | DAIKIN | VOLTAS
Cruise | Haier | BLUE STAR | LLOYD
IFB | TCL | HITACHI Inspire the Next | Whirlpool
તમામ કંપનીના A/C, વોશીંગ મશીન, ફ્રિજ, ટી.વી. ઘરઘંટી, હાજરમાં ઉપલબ્ધ
શિવ ઈલેક્ટ્રોનિક્સ
દુ. નં. ૩-૪, ટાઉનહોલ શોપીંગ, અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની સામે, અમરેલી. મો. ૯૮૯૮૩ ૨૩૩૫૨


# પહેલગામ હુમલામાં પાકિસ્તાની હથિયારોનો ઉપયોગ થયો હોવાનો ખુલાસો



પહેલગામ,તા.૦૧

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા મુદ્દે મોટો ખુલાસો થયો છે. એફઆઈઆરમાં ખુલાસો થયો છે કે, આ હુમલામાં આતંકવાદીઓએ પાકિસ્તાની હથિયારોનો ઉપયોગ કર્યો હતો. સરહદ પારથી હેન્ડલર્સે હુમલાને અંજામ આપ્યો હતો. એનઆઈએ હુમલાની યોજના ક્યાં ઘડવામાં આવી હતી, તેની તપાસ કરી રહી છે. પહેલગામ આતંકવાદી હુમલાની એફઆઈઆરમાં ઘણા મોટા ખુલાસા કરવામાં આવ્યા છે. જેમાં પાકિસ્તાનમાં બેઠેલા હેન્ડલર્સે આ હુમલાનું ષડયંત્ર ઘડ્યું હતું. તેણે આતંકવાદીઓને ભારતમાં પહોંચાડવામાં મદદ કરી હતી. હેન્ડલર્સે આતંકવાદીઓને હથિયાર ઉપલબ્ધ કરાવ્યા હતા. આ હુમલામાં પાકિસ્તાની હથિયારોનો ઉપયોગ થયો હતો. આ હુમલા બાદ કુલ આઠ કલમોમાં એફઆઈઆર નોંધાઈ છે. ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે. આ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી વધી છે. એકબાજુ પાકિસ્તાન વિશ્વ સમક્ષ ચિંતા વ્યક્ત કરી રહ્યું છે કે, ભારત ગમે-ત્યારે તેની સાથે યુદ્ધ કરશે. જ્યારે બીજી બાજુ પાકિસ્તાની સેના સતત સીઝફાયરનું ઉલ્લંઘન કરી રહી છે. તેણે ઉરી અને અખનૂર સહિતના વિસ્તારોમાં ગોળીબાર શરુ કર્યા છે. ભારતીય સેનાએ તેનો જડબાતોડ જવાબ આપ્યો હતો. એક મીડિયા રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, પાકિસ્તાનની સેનાના હથિયારોનો ઉપયોગ અવારનવાર ભારત વિરુદ્ધ આતંક ફેલાવવા માટે થયો છે. જે પાકિસ્તાન આતંકવાદને સમર્થન અને પોષી રહ્યું હોવાની ખાતરી કરે છે. આતંકવાદી હુમલામાં આતંકીઓની તસવીરોમાં તેમની પાસે જોવા મળેલા હથિયારો પાકિસ્તાની સેનાના હોવાનો દાવો કરવામાં આવ્યો છે.


શ્રદ્ધાંજલિ-બેસણું
મળે છે દેહ માટીમાં પણ, માનવીનું નામ જીવે છે.
મૃત્યુ પામે છે માનવી પોતે, પણ તેના સત્કર્મો જીવે છે.
રડી પડે છે આંખો અમારી જોઇ મીઠી તસ્વીર તમારી.
પળે પળ યાદ આવે છે તમારી. મન હજુ માનતુ નથી કે તમે નથી.
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના..



સ્વ નાનજીભાઈ રામજીભાઈ તાવેથીયા (ગામ : અમરાપરા, બાબરા)
સ્વ. તા. ૨૯-૦૪-૨૦૨૫ મંગળવાર
:: બેસણું ::
તા. ૦૩/૦૫/૨૦૨૫ શનિવાર સવારે ૮.૦૦ થી ૪.૦૦ કલાકે
સ્થળ :- દરજી સમાજની વાડી, અમરાપરા, બાબરા.
લી.
સ્વ. રામજીભાઈ માધાભાઈ તાવેથીયા
શ્રી મોહનભાઈ રામજીભાઈ તાવેથીયા — સ્વ. તુલસીભાઈ રામજીભાઈ તાવેથીયા
શ્રી ડાહ્યાભાઈ રામજીભાઈ તાવેથીયા — શ્રી બાવચંદભાઈ રામજીભાઈ તાવેથીયા
સ્વ. બાબુભાઈ રામજીભાઈ તાવેથીયા — શ્રી રમેશભાઈ રામજીભાઈ તાવેથીયા
ગં.સ્વ. ગોદાવરીબેન રામજીભાઈ તાવેથીયાના જયશ્રી કૃષ્ણ...



Sheetal
We are HIRING!
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (MALE | FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
Ready to take your future career to new heights?
PLEASE SEND YOUR CV
APPLY NOW
+91 90819 98018
hardik@sheetalicecream.com



SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.



Care is our culture
AIMS -એઇમ્સ
HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી
ડૉ. કેયુર આર. કોટડીયા MBBS, DNB MEDICINE, FID, CCEBDM, FELLOW IN CRITICAL CARE
હૃદયરોગ અને ડાયાબીટીસની સારવારમાં નિષ્ણાંત
એઇમ્સ હોસ્પિટલ - અમરેલી



બહોળો અનુભવ
નાઈસ હોસ્પિટલ, તળાજા
સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદ, જી. કે. જનરલ હોસ્પિટલ, ભુજ
સ્પેસિયલ ઇન્ટરેસ્ટ
૧) ડાયાબિટીશ, બી.પી., હાઈ કોલેસ્ટેરોલ વગેરે જેવા ક્રોનિક રોગોનું નિદાન તથા સારવાર
૨) દમ (અસ્થમા), સીઓપીડી, ટી.બી., ફેફસામાં પાણી ભરાવું, ન્યુમોનિયા, (Covid-19) કોવિડ, વગેરે રોગોનું નિદાન તથા સારવાર
૩) (સ્ટ્રોક) મગજનો હુમલો (પક્ષઘાત), ખેંચ, વાઈ, ચક્કર આવવા વગેરે જેવા મગજના રોગોનું નિદાન તથા સારવાર
૪) મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયા, ટાઈફોઈડ, બ્રુસેલા, કમળો વગેરે વિવિધ પ્રકારના તાવનું નિદાન તથા સારવાર
૫) કોલેરા, ઝાડા, ઉલટી, પેટનો દુઃખાવો, એપેન્ડીક્ષ,
૬) પેનક્રીએટાઈસીસ-સ્વાદુપિંડનો સોજો, ઉલટીમાં લોહી આવવું વગેરે જેવા પેટના રોગોનું નિદાન તથા સારવાર
૭) પોઈઝન, સર્પદંશ, વીંછી કરડવો, ઈલેક્ટ્રીક શોક વગેરેનું નિદાન તથા સારવાર
GNM તેમજ Bsc નર્સીંગ સ્ટાફ જોઈએ છે
સંપર્ક : 7610810857
એઇમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી.
02792222060 / 7610810827

# જિલ્લા ભાજપ પ્રમુખના અધ્યક્ષ સ્થાને અનુ. જાતિ. મોરચાની બેઠક

અમરેલી, તા.૦૧



અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના અધ્યક્ષ સ્થાને પક્ષના અનુસૂચિત જાતિ મોરચાના આગેવાનોની એક અગત્યની બેઠક તા.૦૧-૦૫-૨૦૨૫ના રોજ બોલાવવામાં આવેલ હતી. આ બેઠકમાં આગામી કાર્યક્રમો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ, પ્રદેશ ભાજપના માર્ગદર્શન મુજબ આગામી તા. ૦૫ મે સુધીમાં અનુ. જાતિ. સમાજના પ્રતિષ્ઠિત આગેવાનો, સામાજિક આગેવાનો અને પ્રબુદ્ધ લોકોનો સંપર્ક કરાશે અને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી આપવામાં આવશે તેમજ સમાજમાં સમરસતાનો ભાવ ઊભો કરાશે. આ સન્માન અભિયાનમાં સાંસદ, ધારાસભ્યો, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાના પદાધિકારીઓ, ચૂંટાયેલા સભ્યો સહિત સંગઠનના પદાધિકારીઓ, જિલ્લા સ્તરના વિવિધ મોરચાના પદાધિકારીઓ, ગ્રામ્ય કક્ષાએ અને શહેરી મોહલ્લામાં પ્રવાસ કરીને દલિત સમાજના નિવાસસ્થાને બેઠક અને લોકસંપર્ક કરશે. સમાજના વિવિધ ક્ષેત્રના આગેવાનો, સમાજસેવકો, શિક્ષણવિદો તેમજ ધાર્મિક આગેવાનોનો સંપર્ક કરવા માટે અમરેલી જિલ્લાભરમાંથી ૧૨૫ ઉપરાંત આગેવાનો આ અભિયાનને સફળ બનાવવા માટે ગ્રામ્ય અને શહેર કક્ષાએ પ્રવાસ કરશે. આજની આ બેઠકમાં જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, સન્માન અભિયાન કાર્યક્રમના ઈન્ચાર્જ/સહ ઈન્ચાર્જ મનોજભાઈ મહીડા, સંદીપભાઈ સોલંકી, સાગરભાઈ સરવૈયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલા પોલીસનો ગેરકાયદે વ્યાજખોરી સામે લોક દરબાર યોજાયો

અમરેલી, તા.૦૧



સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે ગેરકાયદે નાણાં ધીરધાર તેમજ વ્યાજ વટાવના ધંધા સામે લોક દરબાર યોજાયો હતો. એ.એસ.પી. વલય વૈદ્યે જણાવ્યું હતું કે નિયત વ્યાજથી વધુ વસૂલતા વ્યાજખોરો વિરુદ્ધ ભોગ બનનાર ફરિયાદ કરી શકે છે. સીટી પી.આઈ. ફુગસીયાએ લાયસન્સ વગર નાણાં ધીરવાને ગેરકાયદેસર ગણાવ્યું હતું અને લાયસન્સ ધરાવતા લોકોને પણ વર્ષે ૧૨ ટકાથી વધુ વ્યાજ ન લેવા જણાવ્યું હતું. વધુ વ્યાજ લેનારાઓ સામે કાયદેસર કાર્યવાહી થશે. ગેરકાયદે વ્યાજના કારણે લોકો બરબાદ થાય છે અને આત્મહત્યા સુધીના બનાવો બને છે. લોકોએ વ્યવસાય માટે સરકારી બેંકોમાંથી લોન લેવા આગ્રહ રાખવો જોઈએ. પોલીસ તંત્ર લોકોની સેવામાં હંમેશાં હાજર છે. આ લોક દરબારનો હેતુ વધુ વ્યાજના ચક્રમાં ફસાયેલા લોકોને જાગૃત કરવાનો અને આ દૂષણને રોકવાનો હતો.

# રાજુલાના રીંગણિયાળા ગામે ઓઈલ મીલમાં ઈલેક્ટ્રિક શોકથી યુવકનું મોત

**મૃતક સાવરકુંડલામાં રહેતો હતો**

રાજુલા, તા.૦૧

રાજુલા તાલુકાના રીંગણિયાળા ગામે ઓઈલ મીલમાં ઈલેક્ટ્રિક શોક લાગવાથી સાવરકુંડલાના યુવકનું મૃત્યુ થયું હતું. બનાવ સંદર્ભે યુનુસભાઈ બાવભાઈ બેલીમ (ઉ.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ, ઈમ્તિયાજભાઈ યુનુસભાઈ બેલીમને (ઉ.વ.૨૫) રીંગણિયાળા ગામે ભૂમિ ઓઈલ મીલ ખાતે ઈલેક્ટ્રિક શોક લાગવાથી મોત થયું હતું. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.કે. પીછડીયા બનાવની વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા મોટા ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

અમરેલી, તા.૦૧



લીલીયા મોટા સ્થિત સહકાર ભવન ખાતે ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના ઉપક્રમે ૩૯મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ૯૨ દર્દીઓએ લાભ લીધો હતો. આંખના નિષ્ણાત ડૉ. રવિ પરમાર અને તેમની ટીમે મોતિયો, જામર સહિતના આંખના રોગોનું નિદાન કર્યું હતું. જરૂરિયાતમંદ ૮ દર્દીઓને સુદર્શન નેત્રાલય અમરેલી ખાતે નેત્રમણી બેસાડવામાં આવી હતી. કેમ્પમાં ૧૬ વ્યક્તિઓને રાહત દરે ચશ્મા પણ આપવામાં આવ્યા હતા. લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી) અને અન્ય સેવાભાવી વ્યક્તિઓએ કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. નિયમિત રીતે દર મહિનાના પહેલા ગુરુવારે ઉમિયાધામ લીલીયા મોટા ખાતે આ કેમ્પનું આયોજન થાય છે.

# કોટડાપીઠામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી

બાબરા, તા.૦૧




કોટડાપીઠા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૨૫ એપ્રિલના રોજ વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે મેલેરિયા અટકાવવા માટે શિબિર, પત્રિકા વિતરણ અને રેલી સ્વરૂપે જનજાગૃતિ અભિયાનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મેલેરિયા અટકાવવા માટે પાણીના વાસણો ઢાંકીને રાખવા અને દર ત્રીજા દિવસે વિછળી અને તપાવીને પછી પાણી ભરવું વગેરે માહિતી સુપરવાઈઝર મેહુલભાઈ ડાંગરે આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આરોગ્ય કેન્દ્રની ટીમે જહેમત ઉઠાવી હતી.

# પહેલગામ આતંકી હુમલા વચ્ચે સાવરકુંડલામાં ક્રિકેટ લીગના ઉદ્‌ઘાટનનો કોંગ્રેસ દ્વારા વિરોધ

સાવરકુંડલા, તા.૦૧

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં ગુજરાતના લોકો સહિત ૨૬ લોકોના મૃત્યુ થયા છે, ત્યારે સમગ્ર દેશમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. આ સંવેદનશીલ સમયે સાવરકુંડલામાં ભાજપ દ્વારા ક્રિકેટ મહાસંગ્રામ નાવલી પ્રીમિયર લીગનું ઉદ્‌ઘાટન કરવામાં આવતા કોંગ્રેસે આક્રોશ વ્યક્ત કર્યો છે. સાવરકુંડલા શહેર કોંગ્રેસ પ્રમુખ વિજયભાઈ (કનુભાઈ) ડોડીયા અને શહેર કોંગ્રેસ કાર્યકારી પ્રમુખ હસુભાઈ સુચકે આ કાર્યક્રમનો સખત વિરોધ કર્યો છે. તેમણે જણાવ્યું કે, જ્યારે પૂજ્ય મોરારિબાપુએ પણ આ હુમલા બાદ તેમની રામાયણ કથાને વિરામ આપી દીધો છે, ત્યારે ભાજપ દ્વારા જાહેર રસ્તાઓ પર મોટા બેનરો લગાવીને ક્રિકેટ લીગનું ઉદ્‌ઘાટન કરવું અયોગ્ય છે. તેમણે કહ્યું કે, ભાજપ માત્ર મોટી મોટી વાતો કરીને લોકોને ગેરમાર્ગે દોરે છે અને પોતાના સ્વાર્થ માટે ભોળી પ્રજાને છેતરે છે. આ ઘટનાએ ભાજપની સંવેદનહીનતા છતી કરી છે.

# બગસરાને ગૌરવ અપાવનારનું શિવાગ્રૂપ દ્વારા સન્માન કરાયું



અમરેલી,તા.૦૧

ગુજરાત સ્થાપના દિન નિમિત્તે બગસરાને ગૌરવ અપાવનાર વેપાર ક્ષેત્રે ભુરાભાઈ વડેરા, બાળ કેળવણી શિક્ષણ ક્ષેત્રે દેવચંદભાઈ સાવલીયા અને હેન્ડીક્રાફ્ટ ક્ષેત્રે હિરેનભાઈ સિકોતરાને શિવાગ્રૃપના પ્રમુખ દ્વારા શાલ ઓઢાડી મેઘાણીજીનો ફોટો આપી સન્માનિત કર્યા હતા.

# કોંગ્રેસ અગ્રણીના વિરોધ વચ્ચે નર્મદા સિમેન્ટ જાફરાબાદનું સ્નેહમિલન યોજાયું

રાજુલા, તા.૦૧

જમ્મુ-કાશ્મીરના પહેલગામ વિસ્તારમાં થયેલા ઘાતક આતંકી હુમલાથી સમગ્ર દેશ શોકમગ્ન અને પીડિત છે. આવી ગંભીર પરિસ્થિતિમાં પણ જાફરાબાદની નર્મદા સિમેન્ટ કંપની દ્વારા ૨૮ એપ્રિલે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ભવ્ય જમણવાર અને જલસાની સાથે જાફરાબાદના અમુક આગેવાનોની ઉપસ્થિતિ પણ જોવા મળી હતી. જયારે રાષ્ટ્ર શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે ત્યારે આવા ઉજવણીના કાર્યક્રમો યોજવા પર પ્રશ્નચિહ્ન લગાવાય છે. કોંગ્રેસ અગ્રણી ટીકુભાઈ વરુએ આ મુદ્દે ઉગ્ર નિવેદન આપતાં જણાવ્યું કે જાફરાબાદ નર્મદા કંપની મોતનો મલાજો પણ ન જાળવી શકી. દેશના શહીદો પ્રત્યે નમન કરવાને બદલે જમણવાર અને હાસ્યપ્રમોદથી ભરેલા કાર્યક્રમોનું આયોજન કરવું અસંવેદનશીલતા અને રાષ્ટ્રીય ભાવનાઓનું ઘોર અપમાન છે. હું અને મારી કોંગ્રેસ પાર્ટી આ ઘટનાની તીવ્ર નિંદા કરીએ છીએ અને આવનારા સમયમાં વધુ જવાબદારીભર્યું વર્તન દાખવવાની તમામ સંસ્થાઓ અને રાજકીય પક્ષોને અપીલ કરીએ છીએ.

# બગસરા મેઘાણી હાઈસ્કૂલમાં ધો.૯માં પ્રવેશ મેળવવા છાત્રોનો ધસારો

અમરેલી,તા.૦૧



બગસરામાં પ્રાથમિક શાળાઓના પરિણામ આવ્યા બાદ ધો.૯માં પ્રવેશ મેળવવા માટે શહેરની એકમાત્ર હાઈસ્કૂલ ખાતે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થયો હતો. ધો.૮ બાદ સરકારી શાળામાં પ્રવેશ મેળવવા માટે છાત્રો મેઘાણી હાઈસ્કૂલ ખાતે ઉમટી પડ્યા હતા. સવારના ૯ વાગ્યે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થતા જ પ્રથમ દિવસે વિદ્યાર્થીઓનો ભારે ધસારો જોવા મળ્યો છે. સરકારી શાળામાં શિક્ષણની ગુણવત્તા સુધરી હોવાથી છાત્રો સરકારી શાળામાં જ અભ્યાસ કરે તે માટે વાલીઓ જાગૃત બન્યા છે. મેઘાણી હાઈસ્કૂલ સહભ્યાસ પ્રવૃત્તિમાં પણ નામના ધરાવતી શાળા હોવાથી સરકારી શાળામાં પ્રવેશ મેળવવા છાત્રોમાં પણ થનગનાટ જોવા મળ્યો હતો.

# જિલ્લામાં ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી અંગેનું જાહેરનામું બહાર પડાયું

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લાના ખેડૂતોને જણાવવામાં આવે છે કે, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી અંગેનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. આ ખરીદી જિલ્લા પંચાયતની સહકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી કરવાની રહેશે. કોઈપણ સહયોગી મંડળીઓ/વેચાણકારો/પરવાના ન હોય તેવા વ્યક્તિઓ કે પેઢીઓ પાસેથી ખરીદી કરશે તો તે ગેરકાયદેસર ગણાશે. ખેડૂતો પાસેથી વધુ ભાવ વસૂલ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ખાતર (બીજી-૧)નો ભાવ રૂ. ૫૩૫ પ્રતિ બોરી અને ઓલ્ડસ્ટાર-૨ (બીજી-૨)નો ભાવ રૂ. ૬૦૧ ઠરાવવામાં આવ્યો છે. આ ભાવથી વધારે લેનાર સામે પગલાં લેવાશે. વધુમાં, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી સમયે વેપારી પાસેથી તેમનો લાયસન્સ નંબર, પુરું નામ, સરનામું વગેરેની માહિતી અચૂક મેળવી લેવી. કોઈપણ શંકાસ્પદ બાબત જણાય તો તાત્કાલિક સંબંધિત અધિકારી અથવા જિલ્લા ખેતીવાડી અધિકારીને જાણ કરવી. ખેડૂતોને અપીલ કરવામાં આવે છે કે તેઓ સરકાર દ્વારા નક્કી કરેલા ભાવથી જ ખરીદી કરે અને કોઈપણ છેતરપિંડીથી બચે. આ જાહેરનામું નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), અમરેલી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.









# લીલીયા રેલવે રેન્ક પોઈન્ટ ફરી શરૂ કરવા ભાજપ કિસાન મોરચાના મહામંત્રીની રજૂઆત

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લાના ખેડૂતોને રાસાયણિક ખાતર સમયસર અને સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે લીલીયા ખાતે બંધ કરવામાં આવેલો રેલવે રેન્ક પોઈન્ટ તાત્કાલિક ફરીથી શરૂ કરવાની માંગણી ગુજરાત ભાજપ કિસાન મોરચાના મહામંત્રી હિરેનભાઈ હિરપરા દ્વારા કરવામાં આવી છે. તેમણે આ અંગે કેન્દ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર મંત્રી જે.પી.નડ્ડા, કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણ અને કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને વિસ્તૃત રજૂઆત કરી છે. તેમણે રજૂઆતમાં જણાવ્યું છે કે, અમરેલી જિલ્લો સંપૂર્ણપણે ખેતી પર નિર્ભર છે અને અહીંયા ખેતીવાડીની સિઝનમાં રાસાયણિક ખાતરોની ખૂબ જ મોટી માંગ રહે છે. હાલમાં જિલ્લામાં ડી.એ.પી. અને યુરિયા ખાતર ટ્રાન્સપોર્ટ દ્વારા વિતરકો સુધી પહોંચાડવામાં આવે છે. ઘણી વખત જૂનાગઢ અથવા ભાવનગર રેલવે રેન્ક



પોઈન્ટથી ખાતરની ફાળવણી થાય છે, પરંતુ ત્યારબાદ ટ્રકો સમયસર ન મળવાને કારણે અથવા તો પહોંચાડવામાં થતા વિલંબના કારણે ખેડૂતોને ખાતર મોડું મળે છે, જેનાથી તેઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. હિરેનભાઈ હિરપરાએ ભૂતકાળને યાદ કરતાં જણાવ્યું હતું કે, અગાઉ અમરેલી જિલ્લાના ખેડૂતોને રાસાયણિક ખાતર પૂરું પાડવા માટે રેલવે વિભાગ દ્વારા લીલીયા ખાતે રેન્ક પોઈન્ટ ફાળવવામાં આવ્યો હતો, જે ચાર-પાંચ વર્ષથી કોઈ કારણોસર બંધ કરી દેવામાં આવ્યો છે. તેમણે આ રેન્ક પોઈન્ટને તાત્કાલિક ફરીથી શરૂ કરવા માંગ કરી છે.

# અમરેલી ભાગવત કથાના ત્રીજા દિવસે દત્તાત્રેય જન્મ જયંતીની ઉજવણી

## સ્વ. ચંદુભાઈ સંઘાણીના સેવાકાર્યોને યાદ કરાયા

અમરેલી, તા.૦૧

અમરેલીના સુખનાથ મંદિર ચોક યુવક મંડળ દ્વારા આયોજિત ભાગવત કથાના ત્રીજા દિવસે શ્રોતાઓએ સુખદેવજી મહારાજની કથાનું રસપાન કર્યું હતું. સ્વ. ચંદુભાઈ સંઘાણીના સેવાકાર્યોને યાદ કરવામાં આવ્યા હતા. આજના વિશેષ દિવસે દત્તાત્રેય મહારાજના પ્રાગટ્યની ભવ્ય ઉજવણી કરવામાં આવી



અને તેમના જીવન ચરિત્રનું વર્ણન કરવામાં આવ્યું હતું. કથામાં ભારત માતા વિશે જાગૃતિ ફેલાવતી પ્રેરક વાતો રજૂ કરાઈ હતી, ત્યારબાદ સમૂહ હનુમાન ચાલીસાના પાઠ દ્વારા રાષ્ટ્ર પ્રત્યેની ભાવના વ્યક્ત કરવામાં આવી હતી. યજમાન તરીકે સુખનાથ મંદિર ચોક યુવક મંડળ અને મિત્ર મંડળે ઉત્સાહભેર સેવા આપી હતી. બીજા દિવસે રાત્રીના તોરણીયાના પ્રખ્યાત રામામંડળ આખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાન મહારાજના વલકુબાપુ, હરિશ્વરૂપ સ્વામી, દિલીપભાઈ સંઘાણી, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, મહેશભાઈ કસવાલા, અતુલભાઈ કાનાણી, વસંતભાઈ મોવલીયા, રમેશભાઈ કાથરોટીયા, સુરેશભાઈ દેસાઈ, ડો. ભરત કાનાબાર, હિરેનભાઈ હિરપરા, રાજેશ માંગરોળીયા, હાર્દિક સેંજલીયા, શરદભાઈ ગૌદાણી, અશ્વિનભાઈ કણજારીયા, લાલજીભાઈ મોર, કાળુભાઈ રૈયાણી, ઘનશ્યામભાઈ રૈયાણી, અમરેલી વકીલ મંડળના પ્રતિનિધી સહિત અનેક મહાનુભાવો અને અમરેલી જિલ્લાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હવે અહીંથી નીકળશો તો બન્ને બહેનોના પગ ભાંગી નાખીશું કહી ધમકી આપી

સાવરકુંડલા, તા.૦૧

સાવરકુંડલા શહેરમાં બે બહેનોને હવે અહીંથી નીકળશો તો પગ ભાંગી નાખીશું કહીને ધમકી આપવામાં આવી હતી. બનાવ સંદર્ભે ધ્રુવીબેન હરેશભાઈ બગડા (ઉ.વ.૨૩)એ નિતાબેન મહેશભાઈ સુદાણી તથા હરેશભાઈ દેવજીભાઈ બગડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા તેની નાની બહેન પોતાના ઘરેથી પોતાનું એક્ટિવા લઈને નીકળ્યા હતા અને ગઢીયા પેટ્રોલપંપ પાસે પેટ્રોલ પુરાવવા જતા રોડ ઉપર નિતાબેન સુદાણીએ પોતાનું એક્ટિવા લઈ પીછો કરતા હતા. તેમણે બંને બહેનોને સા.કુંડલા મહુવા રોડ પલાજીનું નાકુ, બાપા સીતારામની મઢુલી સામે રોડ ઉપર ઉભા રાખ્યા હતા. જે બાદ તેના એક્ટિવાની ચાવી કાઢી વીધી હતી. તેમજ જેમ ફાવે તેમ ગાળો દઈ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. ઉપરાંત તમે અહીં શું કામ આવી છો, હવે અહીથી નીકળશો તો બન્ને બહેનોના પગ ભાંગી નાખીશું તેમ કહી ધમકી આપી હતી.

**આ તીર્થયાત્રા જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર તદ્દન વિનામૂલ્યે કરાવાશે**

# અમરેલીના અનુકંપા ફાઉન્ડેશન દ્વારા વડીલોને સોમનાથ-દ્વારકા તીર્થયાત્રાની પ્રથમ બસનું પ્રસ્થાન

અમરેલી, તા.૦૧

અમરેલીના અનુકંપા ફાઉન્ડેશન દ્વારા કુલ-૧૦૦૦ સિનિયર સિટીઝનોને તુલસીશ્યામ, સોમનાથ, પોરબંદર, દ્વારકા, વીરપુરની યાત્રા કરાવવાના સંકલ્પના પ્રથમ ચરણરૂપે સોમવારે સવારે અમરેલીથી ૫૦ યાત્રિકો સાથેની પ્રથમ બસે પ્રસ્થાન કર્યું હતું. આ બસને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી તથા પૂર્વ કેન્દ્રીય મંત્રી પરશોત્તમભાઈ રૂપાલાએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, બાળરોગ નિષ્ણાત ડો. એસ. આર. દવે, રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રફુલ્લભાઈ બાટવીયા, ઓક્સફર્ડ સ્કૂલના મયુરભાઈ ગજેરા, ફાઉન્ડેશનના ટ્રસ્ટી સર્વે મધુભાઈ આજુગિયા, કમલેશભાઈ ગરાણીયા, ચેતનભાઈ રાવલ તથા યોગેશભાઈ કોટેચા, ટોમભાઈ



અગ્રાવત, મુસ્તાકભાઈ તેલી, પેન્ટર ડી.જી. મહેતા, જગદિશભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતા. ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ ડો. ભરત કાનાબારે જણાવ્યું હતું કે, ફાઉન્ડેશન દ્વારા દર મહિને સિનિયર સિટીઝનની એક બસ રવાના થશે. આ તીર્થયાત્રા જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર તદ્દન વિનામૂલ્યે કરાવાશે, જેમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરની કોઈપણ વ્યક્તિ જોડાઈ શકશે. ઈફકોના ચેરમેન દિલીપભાઈએ ફાઉન્ડેશનની પ્રવૃત્તિને બિરદાવીને આ પછીની યાત્રા માટે, તેમના લઘુબંધુ સ્વ. ચંદુભાઈ સંઘાણીની સ્મૃતિમાં ૫૧ હજારનું અનુદાન જાહેર કર્યું હતું. જોગાનુજોગ એ જ દિવસે સ્વ. ચંદુભાઈ સંઘાણીની જન્મતિથિ હતી અને તેમના સ્મરણાર્થે અમરેલીમાં સંઘાણી પરિવાર દ્વારા આયોજિત ભાગવત કથાનો પ્રથમ દિવસ હતો. કાર્યક્રમમાં આ યાત્રા માટે અનુદાન આપનારા પ્રફુલ્લભાઈ બાટવીયા, મયુરભાઈ ગજેરા, હરેશભાઈ સાદરાણી, મનીષભાઈ મોરઝરીયા (શિવ ધારી), ભીખુભાઈ અગ્રાવત, નયનભાઈ જોષી (બેદી) તથા મુન્નાભાઈ મોરઝરીયાનું સન્માન કરાયું હતું.

# ચેક રિટર્ન કેસમાં આરોપીને છ માસની કેદ અને બાકી રકમ ચૂકવવાનો કોર્ટનો આદેશ

બગસરા, તા.૦૧

સરદાર પટેલ શરાફી સહકારી મંડળી લી. બગસરા શાખાના ચેક રિટર્ન કેસમાં બગસરા કોર્ટે આરોપી રેણુકાબેન અનિલભાઈ ડોબરીયાને છ માસની સાદી કેદની સજા અને બાકી રહેતી રૂ.૨,૫૫,૮૯૪ની રકમ ફરિયાદી મંડળીને ચૂકવવાનો આદેશ કર્યો છે. મંડળીના એડવોકેટ ચંદ્રેશ બી. મહેતા અને અશોક બી. વાળાએ આ કેસમાં મંડળી વતી



જોરદાર દલીલો કરી હતી, જેને કોર્ટે ગ્રાહ્ય રાખી હતી. કેસની વિગતો મુજબ, રેણુકાબેન ડોબરીયાએ તા.૨૦/૧૧/૨૦૧૯ના રોજ



મંડળીમાંથી રૂ.૨,૦૦,૦૦૦ની લોન લીધી હતી. આ લોનની ચુકવણી માટે તેમણે રૂ.૨,૫૫,૮૯૪નો ચેક આપ્યો હતો, જે અપૂરતી રકમના કારણે પરત ફર્યો હતો. મંડળીએ તેમના વકીલ મારફત આરોપીને નોટિસ મોકલી હતી, જે તેમને મળી હોવા છતાં તેમણે મંડળીની બાકી રકમ ચૂકવી ન હતી. આથી મંડળીના મેનેજર જયદીપભાઈ હિરપરાએ બગસરા કોર્ટમાં ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી. બગસરા કોર્ટમાં આ કેસની સુનાવણી ચાલી હતી, જેમાં મંડળીના વકીલોએ અસરકારક દલીલો રજૂ કરી હતી.

# લાઠી સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પરશુરામ જયંતીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

લાઠી, તા.૦૧

લાઠીમાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પરશુરામ જયંતીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં પહેલગામ હુમલામાં માર્યા ગયેલા મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા મૌન પાળવામાં આવ્યું હતું. પરશુરામ જયંતી નિમિત્તે મૃતકોને બ્રાહ્મણો દ્વારા એકાદશીનું પુણ્ય આપવા વિનંતી તથા



આહ્‌વાન કરવામાં આવ્યું હતું. બ્રહ્મસમાજ સભાનું પ્રમુખ સ્થાન ડો. મુકેશભાઈ આર. ત્રિવેદીએ શોભાવ્યું હતું. જનકભાઈ શર્મા, અરુણદાદા શુક્લ, આર. સી. દવે, સંગીત બાલિભાઈ (નિલેશભાઈ)પંડ્યા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે લાઠીના પ્રખ્યાત કથાકાર જનકભાઈ શર્માએ પોતે સરળ શૈલીમાં ઉદ્‌બોધન કરીને આ પ્રસંગને બિરદાવતા બ્રહ્મસમાજમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. “જય જય પરશુરામ”ના નાદ સાથે જયંતીની ઉજવણી પૂર્ણ કરાયેલ હતી.





વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances

**એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન)** મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭

કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪


## અવસાન નોંધ

**રાજકોટ**

ગૌ.વા.પુષ્પાબેન વનેચંદભાઇ ચંદિભમર તા.૨૯-૦૪-૨૦૨૫ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તે ગૌ.વા. વનેચંદભાઈ તલકશીભાઈ ચંદિભમરના ધર્મપત્ની થાય. તે કિરીટભાઈ, શૈલેષભાઇ, હિતેનભાઈ, સંજયભાઈ ચંદિભમરના માતૃશ્રી, તે નિમિષ, મૌલિક, કૃણાલ, અભય, શ્યામના દાદી તથા સ્વ.ચીમનલાલ મોહનલાલ પુજારાના દીકરી તેમજ હસમુખભાઇ તથા નવિનભાઈ પુજારાના બહેન થાય. સદ્‌ગતનું બેસણું તા.૦૨-૦૫-૨૦૨૫, શુક્રવાર, સમય : સાંજે ૪ થી ૬ કલાકે જનકલ્યાણ હોલ, અમીન માર્ગ, એસ્ટ્રોન ફાટક પાસે, રાજકોટ પીયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**બગસરા**

બગસરા નિવાસી કૈલાશચંદ્ર શ્યામદાસજી વૈરાગી ( ઉંમર વર્ષ ૩૦ ) જે હાલ જયનગર રાજસ્થાનનું તા. ૨૯ ને મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે રાજેશભાઈ વિનોદરાય દેવમુરારી તેમજ દિલીપભાઈના જમાઈ થાય. તેમનું બેસણું તા ૩ ને શનિવારના રોજ નદીપરા અસ્થળની જગ્યા બગસરા ખાતે રાખેલ છે.

**ચલાલા**

શ્રી સોરઠીયા શ્રી ગૌંડ માળવીય બ્રાહ્મણ મુળ ચલાલા નિવાસી સ્વ. મનસુખલાલ રામશંકર પુરોહિતનાં પુત્ર મહેશકુમાર મનસુખલાલ પુરોહિત(ઉ.વ.૮૦) તે ગુણવંતરાય રામશંકર પુરોહિતનાં ભત્રીજા, તે તુષારભાઈ, ચેતનભાઈ, પારૂલબેનનાં પિતાશ્રી તથા વિપુલ ચંદુલાલ ભટ્ટનાં સસરા, તે દક્ષ, શ્રુતિ, ઋતવ તથા વૃષ્ટિનાં દાદાજી, તે પ્રેમપરા નિવાસી સ્વ. કેશવલાલ સોમનાથ ભટ્ટનાં જમાઈ અને પ્રવિણભાઈ ભટ્ટનાં બનેવીનું અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણુ તેમજ સ્વસુર પક્ષની સાદડી સંયુક્ત ક્રમે તા.૩/૫/૨૫ને શનિવાર સાંજે ૪ થી ૬ ભીમનાથ મહાદેવ, બસ સ્ટેશન પાસે, ચલાલા મુકામે રાખેલ છે.

**સાવરકુંડલા**

મહેશભાઈ અમૃતલાલ વસાણી(ઉ.વ.૬૭) તે મૌલિકભાઈ મહેશભાઈ વસાણીના પિતાનું તા.૨૬/૪/૨૫ ને શનિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨/૫/૨૫ ને શુક્રવારના રોજ સાંજે ૫ થી ૬ કલાકે લોહાણા બોર્ડિંગ મહુવા રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) – ચક્કરગઢ રોડ અમરેલી - Ad 022

**સંકુલ ગુજરાતી મિડીયમ – સવાર બપોર સ્કૂલ**

| | |
|---|---|
| ★ ધો. ૧ થી ૫ મિશ્ર સવાર<br>★ ધો. ૧ થી ૫ મિશ્ર બપોર | ★ ધો. ૧૧ – ૧૨ આર્ટસ મિશ્ર સવાર<br>★ ધો. ૧૧ – ૧૨ આર્ટસ ગર્લ્સ બપોર |
| ★ ધો. ૬ થી ૮ મિશ્ર સવાર<br>★ ધો. ૬ થી ૮ ગર્લ્સ બપોર | ★ ધો. ૧૧ – ૧૨ કોમર્સ મિશ્ર સવાર<br>★ ધો. ૧૧ – ૧૨ કોમર્સ ગર્લ્સ બપોર |
| ★ ધો. ૯ – ૧૦ મિશ્ર સવાર<br>★ ધો. ૯ – ૧૦ ગર્લ્સ સવાર | ★ ધો. ૧૧ – ૧૨ સાયંસ મિશ્ર સવાર<br>★ ધો. ૧૧ – ૧૨ સાયંસ ગર્લ્સ બપોર |


**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં**

**-:જાહેર નોટીસ:-**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૧૫/૨૦૨૫

**અરજદારશ્રી :-** શ્રી લાભુબેન ફુલાભાઈ હિરપરા
રે.ખડખડ, તા.વડીયા, જિ.અમરેલી.
એડવોકેટશ્રી હરેશ વી. કોટડીયા મો.- ૯૮૭૯૮ ૫૧૩૫૨

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** ૧. તલાટી કમ મંત્રીશ્રી ખડખડ, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી પુત્ર હસમુખભાઈનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૨ ના રોજ મુ. ખડખડ, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૧૭/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**


**નિત્યા સ્કીન ક્લિનીક**

સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

**ઉપલબ્ધ સારવાર**

- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર** M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

**ઉપલબ્ધ સારવાર**

- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy)
- સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર
- કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov)
- અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે ક્લાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# જીરા-આંબા વચ્ચે શેત્રુંજી નદી પર ૬ કરોડના બ્રિજનું ભૂમિપૂજન

સાવરકુંડલા, તા.૦૧

સાવરકુંડલા તાલુકાના જીરા અને લીલીયા તાલુકાના આંબા ગામ વચ્ચે શેત્રુંજી નદી પર ૬ કરોડના ખર્ચે બનનારા બ્રિજનું ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે આ બ્રિજના નિર્માણથી સાવરકુંડલા તેમજ લીલીયા તાલુકાના સર્વાંગી વિકાસને વેગ મળશે. આ બ્રિજ બનવાથી ગ્રામ્ય વિસ્તારના લોકો માટે અવરજવર વધુ સરળ બનશે, ખાસ કરીને ખેતી, વેપાર, આરોગ્ય સેવા અને શિક્ષણ ક્ષેત્રે લોકોને ગતિશીલતા મળશે. બંને તાલુકાના લોકો વચ્ચેના દૈનિક વાણિજ્ય અને સામાજિક વ્યવહારોમાં પણ નોંધપાત્ર વધારો થશે. કૃષિ આધારિત પરિવારોને બજારમાં સરળ પ્રવેશ મળશે અને ગામડાઓ વચ્ચેના વ્યાપાર વ્યવહારો વધુ મજબૂત બનશે. ચોમાસા દરમિયાન નદીમાં પાણી ભરાઈ જવાને કારણે લોકોને પડતી મુશ્કેલીઓનો પણ અંત આવશે અને ખેડૂતોને પોતાના



ખેતરોમાં જવા-આવવા માટે સરળતા રહેશે. આ ભૂમિપૂજન સમારોહમાં સાવરકુંડલા તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, લીલીયા તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ કાનજીભાઈ નાકરાણી, જિલ્લા પંચાયતના સિંચાઈ સમિતિ ચેરમેન લાલભાઈ મોર, સદસ્ય રાહુલભાઈ રાદડિયા, તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરીયા, લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશભાઈ સાવજ, સાવરકુંડલા તાલુકા ભાજપ મહામંત્રી મુકેશભાઈ આદ્રોજા, મંત્રી મહેશભાઈ ભાલાળા, જયેશભાઈ મહેતા, જીરા સરપંચ દક્ષાબેન ધર્મેશભાઈ ચોડવડિયા, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ જીવનલાલ વેકરીયા, તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ પ્રતિનિધિ લલીતભાઈ બાલધા તથા તાલુકા ભાજપના તમામ હોદ્દેદારો અને સ્થાનિક ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# લીલીયા તાલુકાના આંબા ગામે ગટરના પાણીની ગંભીર સમસ્યાથી લોકો ત્રસ્ત

લીલીયા,તા.૦૧



લીલીયા તાલુકાના આંબા ગામે મફતપરા જે વાઘેલા શેરી તરીકે ઓળખાય છે તે વિસ્તારમાં છેલ્લા ૧૫ દિવસથી ગટરનું દુર્ગંધ મારતું પાણી રસ્તા પર લાંબા અંતર સુધી વહે છે. આ ગટરના પાણીના કારણે સ્થાનિક રહિશો ત્રાહિમામ પોકારી ગયા છે. આ વિસ્તારમાં બાલમંદિર પણ આવેલું હોવાથી નાના બાળકો અને રહિશોને ફરજિયાત ગંદા પાણીમાંથી ચાલીને જવું પડે છે. જેના કારણે બીમાર પડવાની અને રોગચાળો ફેલાવાનો ભય વ્યાપ્યો છે. આ રસ્તા પરથી વાહનો પસાર થતાં હોવાથી ગંદુ પાણી આસપાસની દિવાલો પર ઉડે છે. આ અંગે ગ્રામ પંચાયતમાં રજૂઆત કરી તો કોઈ ફરિયાદને ધ્યાનમાં લેતું નથી.

# જાફરાબાદ પંથકમાં યુવતીને બોલેરોમાં બેસાડી છેડતી કરતા ફરિયાદ નોંધાઈ

જાફરાબાદ, તા. ૦૧

અમરેલી પંથકમાં બહેન દીકરીઓ સલામત હોવાની અને રાત્રે પણ એકલા ફરી શકતી હોવાની ગુલબાંગ વચ્ચે એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જાફરાબાદ પંથકમાં રહેતી યુવતીને બોલેરોમાં બેસવાનું ભારે પડ્યું હતું. બોલેરો ચાલકે તેનો હાથ પકડી, બથ ભરી હતી અને જાતિય માંગણી કરી હતી. બનાવ સંદર્ભે યુવતીએ ખાંભાના નવા માલકનેશ ગામે રહેતા મનસુખભાઈ કચરાભાઈ ઢાપા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેની બોલેરો લઈને હિંડોરણા કાતર રોડેથી ડેડાણ તરફ જતો હતો. તેને ડેડાણ સુધી જવું હોવાથી તેની બોલેરોમાં બેઠી હતી. આરોપી તેને સરોવડા ગામની સીમમાં લઈ ગયો હતો. જ્યાં હાથ પકડી, બથ ભરી તેની પાસે જાતિય માંગણી કરી હતી. ઉપરાંત શારીરિક સ્પર્શ કરીને છેડતી કરી હતી.

# ધારીનાં દલખાણીયા ખાતે મૃતકના વારસદારને એસબીઆઈ દ્વારા ૨૦ લાખનો ચેક અર્પણ

અમરેલી, તા.૦૧

ધારી તાલુકાનાં દલખાણીયા ખાતે મૃતકના વારસદારને એસબીઆઈ દલખાણીયા દ્વારા વીમા પોલિસીની રકમ રૂા. ૨૦ લાખ ચુકવવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર એસબીઆઈ દ્વારા જેમાં પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમાં જનરલ પર્સનલ એકિસડન્ટ વીમા યોજના વગેરે જેવી પોલિસીઓ આપવામાં આવે



છે. દલખાણીયા ગામના દિનેશ મનસુખભાઈ ડોબરીયા દ્વારા પર્સનલ એકિસડન્ટ વીમા પોલિસી લેવામાં આવેલી હતી જેની તેમના પરિવારને કોઈ જાણકારી નહોતી. તેમનું મકાનની દિવાલ પડતાં આકસ્મિક મૃત્યુ થયું હતું. જ્યારે તેમનો પુત્ર ખાતું બંધ કરાવવા આવ્યો ત્યારે તેમને ખબર પડી કે તેમના પિતાની રૂા.૧,૦૦૦ ની વીમા પોલિસી ચાલુ છે. ત્યારે દલખાણીયાના બ્રાન્ચ મેનેજર સૌરભ સિંહા અને સ્ટાફ તેમજ હર્ષ કિશોરભાઈ સંઘાણી દ્વારા દિનેશભાઈના પત્નીને ૨૦ લાખ રૂપિયાનો ચેક ફાળવવામાં આવ્યો હતો.

# સા.કુંડલામાં વિનામૂલ્યે વરિયાળી શરબત કેન્દ્રનો કરાયો શુભારંભ

અમરેલી,તા.૦૧



દિનેશચંદ્ર બાલચંદ સુંદરજી દોશી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સાવરકુંડલાના નવા બસ સ્ટેન્ડ સામે સવારે ૯:૦૦ કલાકે વિનામૂલ્યે આયુર્વેદિક વરિયાળી શરબત કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રનું ઉદ્ઘાટન માનવ મંદિરના ભક્તિરામબાપુ અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પહેલનો ઉદ્દેશ્ય ઉનાળાની ધોમધખતી ગરમીમાં નગરજનોને રાહત અને શીતળતા આપવાનો છે.

**રાજુલાના ધુડીયા આગરીયા ગામનો બનાવ**

# ‘તું કેમ ગામમાં મારી ખોટી વાતો કરી મને બદનામ કરે છે’ કહી જીવલેણ હુમલો કર્યો

રાજુલા, તા.૦૧

રાજુલાના ધુડીયા આગરીયા ગામે એક યુવક પંચરવાળાની દુકાને બેઠો હતો ત્યારે ‘તું કેમ ગામમાં મારી ખોટી વાતો કરી મને બદનામ કરે છે’ તેમ કહી ગાળો આપીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે અરવિંદભાઈ ભાણજીભાઈ સોલાએ રમેશભાઈ મેપાભાઈ વણજર, સુરેશભાઈ મોહનભાઈ વણજર, નરેશભાઈ મોહનભાઈ વણજર, શૈલેષભાઈ બગડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, પોતાના ગામમાં લાલભાઈ પંચરવાળાની દુકાન પાસે બેઠો હતો ત્યારે રમેશભાઈ વણજરે આવી ‘તું કેમ ગામમાં મારી ખોટી વાતો કરી મને બદનામ કરે છે’ તેમ કહી ગાળો આપી ઢીકાપાટુ માર્યા હતા. થોડીવાર પછી તેઓ પોતાના ઘરે હોય ત્યારે આરોપીએ તેમને ઘરની બહાર સમાધાન કરવા બોલાવી રસ્તા ઉપર લોખંડની ટી વતી જમણા પગના સાથળ ઉપર બે ઘા માર્યા હતા. અન્ય આરોપીએ પણ ઢીકાપાટુ વડે માર મારી, રસ્તામાં પછાડી દઈ હાથ પકડી, ઢસડીને વાંસાના ભાગે ઈજા કરી હતી. તેમજ ગળાના ભાગે ઉજરડા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# અમરેલીમાં પિતાના મિત્રના પુત્રએ જાતિય સતામણી કરી

અમરેલી, તા.૦૧

અમરલીમાં રહેતી એક પરપ્રાંતીય સગીરાની તેના પિતાના મિત્રના પુત્રએ જ જાતિય સતામણી કરી હતી. બનાવ સંદર્ભે સગીરાએ અમરેલીમાં રહેતા વિકી ભનુભાઈ વારવડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેના પિતાના મિત્રનો દીકરો થતો હોવાથી અવારનવાર ઘરે આવતો હતો. પારિવારિક સંબંધોનો ગેરલાભ લઈ છેલ્લા ૧૫ દિવસથી તેની સાથે મિત્રતા કેળવી હતી. જે બાદ શરીરે હાથ ફેરવી, કિસ તથા રોમાંસ કરીને ફરવા લઈ જવાના બહાને પિતાના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈને જાતિય સતામણી કરી હતી. જેથી તે રડવા લાગતાં તેને રડીશ કે બુમો પાડીશ તો મારવાની તથા છોડીને જતા રહેવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.કે. વાઘેલા બનાવની વધુ તપાસ કરી રહ્યા છે.

# કે.કે.પારેખ કોમર્સ કોલેજમાં નજીવા દરે કોમ્પ્યુટર દ્વારા રોજગારલક્ષી તાલીમ મેળવી શકાશે

અમરેલી,તા.૦૧

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે.કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે ૨૦ અદ્યતન કોમ્પ્યુટર સિસ્ટમ સાથે બનાવવામાં આવેલ નૂતન કોમ્પ્યુટર સેન્ટરનું લોકાર્પણ ૨૬ એપ્રિલના રોજ વસંતભાઈ ગજેરાએ વિદ્યાર્થીઓ માટે કરેલ છે. વસંતભાઈ ગજેરાએ જણાવ્યું હતું કે, અમરેલી શહેર, જિલ્લાનાં કોઈપણ વિદ્યાર્થીઓ નજીવા દરે કોમ્પ્યુટર દ્વારા રોજગારલક્ષી વર્ગોમાં જ્ઞાન મેળવી



શકશે તેમજ કોઈપણ વિદ્યાર્થીને આ કોમ્પ્યુટર સેન્ટરમાં પ્રવેશ આપવામાં આવશે. વર્તમાન સમય એ ટેકનોલોજીનો સમય છે ત્યારે સર્વેએ ટેકનોલોજી સાથે તાલ-મેલ કરી પોતાની વ્યવસાયલક્ષી કારકિર્દી બનાવવાની તાતી જરૂરિયાત છે ત્યારે આ નવનિર્મિત કોમ્પ્યુટર સેન્ટરમાં ચાલતા વિવિધ કોર્ષમાં નજીવા દરે શિક્ષણ મેળવી શકશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: પાંચમ
તા. ૦૨-૦૫-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૪૦,
સૂર્યાસ્ત-૦૬:૫૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આર્દ્રા

## દૈનિક રાશિફળ

તા.૦૨-૦૫-૨૦૨૫ શુક્રવાર

મેષ: જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે.

વૃષભ: આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે.

મિથુન: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો.

કર્ક: અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરશે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઇઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે.

સિંહ: કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સહયોગ પ્રાપ્ત થશે.

કન્યા: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે.

તુલા: ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે.

ધન: વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઇચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે.

મકર: લવમેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટર પાસે તપાસ કરાવો.

કુંભ: ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે.

મીન: તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે.

# બગસરામાં ભગવાન પરશુરામ જન્મોત્સવની સાદગીથી ઉજવણી

બગસરા તા.૦૧

બગસરા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પરશુરામ પ્રાગટ્ય દિવસની સાદગીથી ઉજવણી કરવામાં આવી હતી. બ્રહ્મસમાજ દ્વારા પરશુરામ મંદિરે ભગવાન પરશુરામનું પૂજન કરી શાંતિપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. દર વર્ષે બ્રહ્મસમાજ દ્વારા બ્રહ્મચોર્યાસી તેમજ



તસવીર : હાર્દિક બામટા

શોભાયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવે છે જ્યારે આ વર્ષે પહેલગામમાં થયેલ હુમલામાં માર્યા ગયા લોકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી તેમજ મૃતકોના આત્માને શાંતિ આપવા બ્રહ્મસમાજ દ્વારા પરશુરામ પ્રાગટ્ય દિવસની સાદગીથી ઉજવણી કરવામાં આવી હતી. બ્રહ્મસમાજ દ્વારા સમસ્ત હિન્દુ સમાજને સાથે રાખીને પ્રાર્થનાસભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# જિલ્લામાંથી ૬ પ્યાસી પકડાયા

**પોલીસે તમામ દારૂડીયાઓ સામે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી**

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા દારૂડીયાઓ પર કડક કાર્યવાહી છતાં જાહેરમાં દારૂડીયાઓ ડીંગલ કરતા નજરે પડે છે. અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૬ ઈસમોને પાસ પરમીટ વગર કેફી પીણું પીને જાહેરમાં ફરતા ઝડપી પાડ્યા હતા. અમરેલી શહેરમાંથી બે, સુવાગઢ ગામે બસ સ્ટેન્ડ પાસેથી બે, મોટા જીંજુડા અને જાફરાબાદ સામાકાંઠામાંથી એક-એક મળી છ ઈસમો ઝડપાયા હતા. જિલ્લામાં ત્રણ ઈસમો પાસેથી ૫ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# ધારી તાલુકામાં અનુસૂચિત જાતિ સમાજનું શૈક્ષણિક સંમેલન યોજાયું

ધારી,તા.૦૧

ધારી તાલુકાના દેવંગી આશ્રમ ખીચા ખાતે અનુસૂચિત જાતિ સમાજનું શૈક્ષણિક હેતુ માટે સંમેલન યોજાયું હતું. આ સંમેલન દેવંગી આશ્રમના મહંત માધવદાસ બાપુના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારી તાલુકા તેમજ અમરેલી જિલ્લાના અન્ય તાલુકાઓમાંથી અનુસૂચિત જાતિ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



તસવીર : સંજય વાળા

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી પણ હાજર રહ્યા હતા. આ સંમેલનમાં દેવંગી આશ્રમ ખીચા ખાતે ટૂંક સમયમાં એક શૈક્ષણિક સંસ્થાનું નિર્માણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નરેશભાઈ મકવાણા, જગદીશભાઈ પરમાર, કલ્પેશભાઈ ચાવડા વગેરેએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# બાબરામાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ભગવાન પરશુરામના જન્મોત્સવની સાદગીપૂર્ણ ઉજવણી

બાબરા,તા.૦૧

બાબરામાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા અહીં ગાયત્રી મંદિર-બ્રહ્મસમાજની વાડી ખાતે સાંજે ભૂદેવોના આરાધ્ય શ્રી ભગવાન પરશુરામના જન્મોત્સવની સાદગીથી ઉજવણી થઈ હતી. કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલામાં નિર્દોષ હિન્દુઓ મૃત્યુ પામતા સમગ્ર દેશમાં રોષ અને શોકની લાગણી પ્રસરી હતી. હજુ આ બનાવને થોડા દિવસો થયા હતા ત્યારે બાબરામાં જિલ્લા બ્રહ્મસમાજના આદેશના



પગલે આ નિમિત્તે શોભાયાત્રા કે મહાપ્રસાદનું આયોજન બંધ રાખી માત્ર પૂજન, મહાઆરતી અને શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન થયું હતું. જેને તાલુકા બ્રહ્મસમાજના પ્રમુખ હસુભાઈ જોષી અને અગ્રણી મહેશભાઈ ત્રિવેદીના યજમાનપદે વિદ્વાન ભૂદેવો જીતુદાદા જોષી, અનિરુદ્ધદાદા પાઠક, જગદીશદાદા ઠાકર અને ઉદયદાદા જાની દ્વારા વિધિવિધાન સાથે સંપન્ન કરાવી હતી.

**તંત્રી લેખ**

# બાંગ્લાદેશના બાવીસ હજાર કરોડના પ્રોજેક્ટ ભારતે અટકાવ્યા

ભારત પાકિસ્તાન પર પ્રચંડ આક્રમણ કરે તેની અંતિમ ઘડીઓ ગણાઈ રહી છે જ્યારે બીજી બાજુ ભારતે બાંગ્લાદેશને પાઠ ભણાવવા માટે તેના પર ઈકોનોમિક્સ straik નો અમલ શરૂ કરી દીધો છે. શેખ હસીના સરકારના સમયે ૪૦ પ્રોજેક્ટ પર સમજૂતી થઈ હતી. આ પ્રોજેક્ટ માટે જે રૂપિયા ભારતે બાંગ્લાદેશને આપવાના હતા તે બંધ કરી દીધા છે અને આ પ્રોજેક્ટનું ફીંડલુ વાળી દીધું છે. આના કારણે બાંગ્લાદેશમાં ચાલતા ૪૦ જેટલા મેગા પ્રોજેક્ટમાં જે હજારો લોકો કામ કરી રહ્યા છે તેને મજૂરી મળતી બંધ થઈ ગઈ છે. બીજી બાજુ બાંગ્લાદેશની અર્થવ્યવસ્થા જેના પર આધારિત છે તેવા આ પ્રોજેક્ટ બંધ થવાથી બાંગ્લાદેશની વિકાસની ગતિ અટકી ચૂકી છે. તેના ગંભીર પરિણામો બાંગ્લાદેશવાસીઓને મળવા શરૂ થઈ ગયા છે. બાંગ્લાદેશમાં અંધારપટ છવાઈ જાય તેવી શક્યતાઓ ઊભી થઈ છે. બાંગ્લાદેશને વીજળી ભારત પૂરી પાડે છે તેના બિલ બાકી હોવાથી તે પણ ભારત બંધ કરી શકે છે. બીજી બાજુ ભારત પાકિસ્તાન પર લશ્કરની ત્રણે પાંખો દ્વારા પ્રચંડ આક્રમણ કરે તે આખી દુનિયા જોશે પરંતુ બાંગ્લાદેશ પર ઈકોનોમિક એટેક ભારતે શરૂ કરી દીધો છે તે દુનિયાને દેખાવાનો નથી પરંતુ બાંગ્લાદેશની અર્થવ્યવસ્થાનું માળખું તૂટી રહ્યું છે. એક અંદાજ મુજબ ભારતે બાંગ્લાદેશમાં ઈકોનોમિક સ્ટ્રાઈક કરી ૨૨ હજાર કરોડના ૧૫ પ્રોજેક્ટ અટકાવી દીધા છે. બીજી બાજુ બાંગ્લાદેશને વીજ પાવર ભારતની કંપનીઓ આપે છે આ કંપનીઓના કરોડો રૂપિયાના બિલ બાંગ્લાદેશે ચુકવ્યા ન હોવાથી આ કંપની બાંગ્લાદેશને અપાતો વીજ પુરવઠો ગમે ત્યારે કટ કરી દેશે આથી બાંગ્લાદેશમાં અંધારપટ છવાઈ જાય તેવા સંજોગો ઊભા થયા છે. ભારતે બાંગ્લાદેશ પર મોટી ૫ ઈકોનોમિક સ્ટ્રાઈકને અંજામ આપ્યો છે. ભારતે બાંગ્લાદેશમાં ચાલી રહેલા ૨૨ હજાર કરોડ રૂપિયાથી વધુના ૧૫ પ્રોજેક્ટ રોકી દીધા છે. તેમાંથી મોટાભાગના પ્રોજેક્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સાથે જોડાયેલા છે. ભારતે ૨૫ અન્ય પ્રોજેક્ટને માળીયે ચઢાવી દીધા છે. એટલે કે આ તમામ પ્રોજેક્ટને ભારત તરફથી આર્થિક મંજૂરી મળવાની શક્યતા ઘણી ઓછી છે. બાંગ્લાદેશમાં રેલ નેટવર્ક પર બ્રેક મારવામાં આવી છે, રેલવેનું સૌથી વધુ ફંડિંગ રોકવામાં આવ્યું છે. આના કારણે હજારો બાંગ્લાદેશીઓ રોજગાર વગરના થઈ ગયા છે. ભારતની નાણાકીય મદદથી બાંગ્લાદેશમાં ચાલી રહેલા પ્રોજેક્ટ્સમાં સૌથી મોટું રોકાણ રેલવે સેક્ટરમાં હતું. ભારતે ૨૨ હજાર કરોડનું જે ફન્ડિંગ રોક્યું છે તેમાં ખુલના-મોંગલા પ્રોજેક્ટનું નિર્માણ કાર્ય અટક્યું છે. વધુ ૧૫ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ રેલવે સાથે જોડાયેલા હતા. ખુલના-મોંગલા પોર્ટ રેલ લાઈન પ્રોજેક્ટનું લક્ષ્ય બાંગ્લાદેશી બંદર મોંગલાને ખુલનાના રેલ નેટવર્ક સાથે જોડવાનું હતું. આયોગ અનુસાર, ભારત તરફથી જે ૧૫ પ્રોજેક્ટની લાઈન ઓફ ક્રેડિટ (એલઓસી) બંધ કરવામાં આવી છે તેમાંથી ૧૧ પ્રોજેક્ટને સંપૂર્ણ પણે બંધ કરી દેવાયા છે. ભારતે ફન્ડિંગ ક્લોઝર લગાવી દીધું છે. બાંગ્લાદેશના ઈકોનોમિક રિલેશન ડિપાર્ટમેન્ટ (ઈઆરડી) અનુસાર, ભારત તરફથી બંધ કરવામાં આવેલા ૧૧ પ્રોજેક્ટ પૈકી ઘણામાં જમીન પર કામ શરૂ થવાનું હતું. પરંતુ, હવે તે શરૂ નહીં થઈ શકે. બાકીના પ્રોજેક્ટ પર જે કન્ટ્રક્શન કામ ચાલુ હતું તે બંધ કરવામાં આવ્યું છે. બાંગ્લાદેશ પાસે એટલી હેસિયત નથી કે આટલા મોટા પ્રોજેક્ટને તે આગળ વધારી શકે આ તમામ પ્રોજેક્ટનું ભાવિ અંધકારમય બન્યું છે.

# ટ્રમ્પના ટેરીફથી ચાઇનાનો વ્યાપાર વિસ્તાર યુરોપ તથા એશિયન દેશો સાથે વધતા અમેરિકા બેકફૂટ પર આવી જશે

આજે સમગ્ર વિશ્વ આર્થિક, સામાજિક અને માની ન શકાય તેવી કટોકટીમાંથી પસાર થઈ રહ્યું છે. વિશ્વના અડધો ડઝન દેશોમાં યુદ્ધનો માહોલ છે જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે પણ યુદ્ધની સંભાવના છે. ચાઈના એક એવો દેશ છે જ્યાં સસ્તામાં સસ્તી મજૂરી છે. મોટાભાગનું મટીરિયલ પોતાના દેશમાં ઉત્પન્ન થતું હોવાથી તેને ઉત્પાદન કરવા માટે જે કાચો માલ જોઈએ છે તે વિદેશમાંથી નથી મગાવવો પડતો પણ પોતાના દેશમાંથી પ્રાપ્ત થાય છે. મોટાભાગના ખનીજો ખેત પેદાશો અને અન્ય વસ્તુઓ પોતાના દેશની ધરતીમાંથી જ પ્રાપ્ત થાય છે આથી તે કોઈ પણ માલનું ઉત્પાદન કરે તો તે સસ્તું પડે છે તેનું એક બીજું કારણ છે કે તે માની જ ન શકાય તેટલા મોટા જથ્થામાં માલનું ઉત્પાદન કરે છે આથી ઉત્પાદકતામાં ચાઈના વિશ્વમાં નંબર વન હોવાથી તેનો મુકાબલો અમેરિકા પણ કરી શકે તેમ નથી. અમેરિકા ભલે વિજ્ઞાન અને ટેકનોલોજીમાં આગળ હોય પરંતુ તે ક્ષેત્રમાં પણ ચાઈનાનો મુકાબલો કરી શકે તેમ નથી. અમેરિકાના પ્રેસિડેન્ટએ અત્યાર સુધીમાં જે પગલાં લીધા છે તે અમેરિકાને મજબૂત કરવા માટે લીધા છે તેમ તેઓ કહે છે પરંતુ આનાથી અમેરિકા મજબૂત બનશે કે નબળું પડશે તે એક ચર્ચાનો વિષય છે. ટ્રમ્પ અમેરિકાને વિશ્વની અંદર નંબર વન મહાસત્તા બનાવવા માંગે છે પરંતુ તેના માર્ગમાં સૌથી મોટું સ્પીડબ્રેકર જો કોઈ હોય તો તે ચાઈના છે આથી ચાઈનાને નબળું પાડવા માટે તેના પર ખૂબ ઊંચો ટેરીફ નાખ્યો છે. વિશ્વના અન્ય નાના દેશો પર પણ ટેરિફ નાખ્યો છે. ભારત જેવા પોતાના મિત્ર દેશોને પણ આમાંથી બાકાત રાખ્યા નથી. અમેરિકાના પ્રેસિડેન્ટના બદલાતા વલણને કારણે વિશ્વના દેશોમાં એક પ્રકારની અનિશ્ચિતતા અને અવિશ્વાસનું વાતાવરણ પેદા થયુ છે. આ જૂનો વિશ્વાસ ફરી સ્થાપિત કરવો મુશ્કેલ છે, હવે જાપાન, દ.કોરિયા જેવા દેશ પણ નવા વિકલ્પ શોધી રહ્યા છે. ટ્રમ્પનો ટેરિફ ચીન માટે ફાયદાનો સોદો બની શકે છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પના ટેરિફથી એશિયા-પેસિફિક ક્ષેત્રને સૌથી વધુ નુકસાન થશે. ચીન સિવાય બીજા દેશો માટે ૯૦ દિવસ માટે ટેરિફ સ્થગિત કર્યો છે. પરંતુ વિયેતનામ, થાઈલેન્ડ, બાંગ્લાદેશ અને શ્રીલંકા જેવા વિકાસશીલ દેશો ટેરિફના ભયનો સામનો કરી રહ્યા છે. ટ્રમ્પે અમેરિકાના સાથી દેશો જાપાન, દક્ષિણ કોરિયા, તાઈવાન અને ઓસ્ટ્રેલિયા પર પણ ટેરિફ લાદવાની ધમકી આપી છે. ટ્રમ્પના દિશાહિન હુમલાથી આ ક્ષેત્રમાં અમેરિકાનો ભાગ ઓછો થશે અને ચીનને સ્થાન મળશે. એશિયા-પેસિફિકની સુરક્ષામાં અમેરિકાનો દબદબો ઘટવાની સંભાવના વધી ગઈ છે. એશિયામાં અમેરિકાનું નેતૃત્વ લાંબા સમયથી વિકસિત થયું છે. બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકા, યુરોપ અને જાપાને સોવિયેત યુનિયન સાથે સ્પર્ધા કરવા માટે એક રાજકીય અને આર્થિક જૂથની રચના કરી હતી. નિકાસ પર ભાર મુકતા એશિયાઈ દેશોની આર્થિક વ્યવસ્થાનો વિસ્તાર થયો. યુરોપમાં નાટો અને જાપાન, દક્ષિણ કોરિયા અને એશિયા-પેસિફિકના અન્ય દેશો સાથે સુરક્ષા જોડાણો રચાયા હતા. એશિયાની સપ્લાય ચેઈનથી અમેરિકન બહુરાષ્ટ્રીય કંપનીઓને ફાયદો થયો છે. અમેરિકનોને સસ્તા




ઉત્પાદનો મળ્યા છે. હકીકતમાં ચીનની વધતી જતી આર્થિક શક્તિને કારણે ટ્રમ્પ યુગ પહેલા જ અમેરિકાનું વર્ચસ્વ ઘટી રહ્યું હતું. ટ્રમ્પે તેમના પહેલા કાર્યકાળ દરમિયાન ટ્રાન્સ-પેસિફિક પાર્ટનરશિપમાંથી ખસીને આ વલણને વેગ આપ્યો હતો. હવે ચીન દરેક એશિયન દેશનો સૌથી

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

મોટો વેપારી ભાગીદાર છે. ટ્રમ્પના આડેધડ ટેરિફથી કેટલાક એશિયન દેશોની આર્થિક વ્યવસ્થાઓ પર હુમલો થયો છે. વેપારી ભાગીદાર તરીકે અમેરિકાની વિશ્વસનીયતાને નુક્સાન થયું છે. અમેરિકન ઉત્પાદકો મુશ્કેલીમાં છે. તેઓ ચીનમાંથી પોતાનાં ઉત્પાદનને અન્ય એશિયન દેશોમાં ખસેડી રહ્યા છે. ટ્રમ્પની અમેરિકા ફર્સ્ટ નીતિ વિદેશી સુરક્ષા કરારોની વિરુદ્ધ છે. જેમ-જેમ અમેરિકાની સુરક્ષા હાજરી નબળી પડતી જાય છે, તેમ-તેમ ચીન પોતાનું વર્ચસ્વ વધારી શકે છે. જાપાન અને દક્ષિણ કોરિયાને પરમાણુ શસ્ત્રો બનાવવાની જરૂર લાગશે. બંને દેશોમાં આ મુદ્દા પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. વિયેતનામ જેવા દેશો પણ ચીન સાથે કોઈ પ્રકારનો સુરક્ષા કરાર કરી શકે છે. બીજી બાજુ વિયેટનામ, શ્રીલંકા જેવા દેશોને મોટું નુકસાન થશે. અમેરિકાની સિસ્ટમથી ફાયદાનું સૌથી મોટું દ્દષ્ટાંત વિયેટનામ છે. ગત દસ વર્ષમાં વિયેટનામે ઝડપથી આર્થિક વિકાસ સાધ્યો છે. તેની એક તૃતિયાંશ નિકાસ અમેરિકામાં થાય છે. જો વિયેટનામ પર ૪૬ ટકા ટેરિફ લાગે તો તે આર્થિક રીતે બરબાદ થઈ જશે. ટ્રમ્પ પોતાના નિર્ણય પર અમલ કરે છે તો શ્રીલંકા પર ૪૪ ટકા ટેરિફ થાય છે. જો વિયેટનામ પર ૪૬ ટકા ટેરિફ લાગે તો તે આર્થિક રીતે બરબાદ થઈ જશે. જો ટ્રમ્પ પોતાના નિર્ણયનો અમલ કરે છે તો શ્રીલંકા પર ૪૪ અને બાંગ્લાદેશ પર ૩૭ ટકા ટેરિફ લાગશે. તાઈવાન અને ઈન્ડોનેશિયા પર ૩૨ ટકા ટેરિફની વાત છે. ટ્રમ્પના પગલાથી નવી વૈશ્વિક ભાગીદારી શરુ થશે. ટેરિફ ધમકીઓએ ચીનને એશિયા-પેસિફિક્માં તેની સ્થિતિ મજબૂત કરવાની તક આપી છે. જાપાન અને દ. કોરિયા જેવા દેશો, જે વેપારમાં ઝડપથી આગળ વધી રહ્યા છે, તેઓ અન્ય વિકલ્પો શોધશે. ટ્રમ્પના અસ્થિર સ્વભાવને કારણે, અમેરિકામાં સાથી દેશોનો વિશ્વાસ પણ ઘટશે. ટેરિફથી અમેરિકન ઉત્પાદન કંપનીઓને નુક્સાન થયું છે. તે ચીનથી કામ પૂરું કરી રહી છે. બીજી બાજુ ચીન અમેરિકાનો વિકલ્પ બનશે. વિશ્વમાં ચીન ઝડપભેર વધુને વધુ તાકાતવાન બનતું જાય છે તેનું મુખ્ય કારણ તેની ઉત્પાદકતા અને તેની વિસ્તરણની નીતિ છે. વિશ્વના નાના અને ગરીબ દેશોને તે મોટી મોટી લોન આપીને પોતાના અજગર ભરડામાં લઈ લે છે અને પછી એના સંસાધનો પર કબજો કરે છે. ચીન આ રીતે વધુને વધુ વિસ્તાર પામી રહ્યું છે. દક્ષિણ એશિયામાં અનેક નાના દેશો એવા છે જે ચીનની મેલી મુરાદના ભોગ બની રહ્યા છે. ચીનની વધતી તાકાત પાછળ તેનું ઉત્પાદન અને વધતો જીડીપી છે. આ ઉપરાંત તે અનેક દેશોને પોતાની લોનની જાળ અને બીઆરઆઈ (બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટિવ)માં ફસાવીને પોતાનું વિસ્તરણ કરી રહ્યું છે. અમેરિકાને પાછળ રાખવાની તેની નીતિની ભારત પર ખરાબ અસર થશે. ભારત-અમેરિકાએ ભેગા મળીને એવી કોઈ રણનીતિ બનાવવી પડશે, જે ચીનની મહત્ત્વાકાંક્ષાઓ પર અંકુશ લગાવી શકે. જે એક વૈકલ્પિક પુરવઠા તંત્ર અને મેન્યુફેક્ચરિંગ હબની સ્થાપના વગર શક્ય નથી. ચીનને તાકાતવાન બનાવવા માટે અમેરિકાએ ભૂતકાળમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો આજે તે અમેરિકાને પડકાર કરે છે. ભૂતકાળની વાત કરીએ તો અમેરિકાના રાષ્ટ્રપતિ રિચર્ડ નિક્સનનો કાર્યકાળ અમેરિકા-ચીન સંબંધોની આધુનિક ગતિશીલતાને આકાર આપવામાં મહત્ત્વપૂર્ણ હતો, જેને કારણે ડ્રેગનનું અર્થતંત્ર મજબુત થયું હતું. અમેરિકાને હવે આ ભૂલનો અહેસાસ થતો હશે. ૧૯૭૨માં નિક્સનની ચીનની યાત્રાએ બંને દેશો વચ્ચે દાયકાઓના વિખવાદને સમાપ્ત કરી દીધો હતો. તેણે ચીનને દુનિયા માટે ખોલી નાખ્યું અને ત્યાં આર્થિક સુધારાનો પાયો નખાયો. એ ચીનની મેન્યુફેક્ચરિંગ તાકાત જ છે, જે આજે 'મેડ ઈન ચાઈના'ના નામે ઓળખાય છે. કોર્પોરેટ અમેરિકા શરૂઆતમાં ચીનના વિશાળ ઉપભોક્તા-આધારથી આકર્ષિત થયું હતું પરંતુ તેને ટૂંક સમયમાં જ સમજાઈ ગયું કે, મૂળ વાત તો ચીનના મોટા અને સસ્તા વર્કફોર્સમાં છે, જેનો ઉપયોગ મોટાપાયે મેન્યુફેક્ચરિંગ માટે કરી શકાય છે. ચીને જેવું પોતાનું અર્થતંત્ર ઉદાર બનાવ્યું અમેરિકાના વ્યવસાયોએ સસ્તા શ્રમનો ફાયદો ઉઠાવવા અને પોતાના નફાના માર્જિનને વધારવા માટે ઉત્પાદનને આઉટસોર્સ કરવામાં અભૂતપૂર્વ તક જોઈ જેણે ચીનના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું. ચીનને બદલે ભારતને વ્યૂહાત્મક રીતે મેન્યુફેક્ચરિંગ કેન્દ્ર તરીકે સ્થાપિત કરવા માટે ઉપાય કરવા પડશે. કેટલાક દેશો ટ્રમ્પની માંગણીઓ સામે ઝૂકશે. વિયેતનામે યુએસ માલ પર શૂન્ય ટેરિફ ઓફર કરી છે પરંતુ ટ્રમ્પનો અસ્થિર સ્વભાવ દેશોને વેપાર માટે અમેરિકાના વિકલ્પો પર વિચાર કરવા મજબૂર કરશે. ચીની માલ પર ભારે ટેરિફ હોવાથી બેઈજિંગ અન્ય વેપાર તરફ વળી જશે. યુરોપ એશિયાના દેશો સાથે ચીનના વ્યાપારિક સંબંધો મજબૂત બનશે આથી અમેરિકાનો પ્રભાવ ચોક્કસ ઘટી જશે.

## શબ્દ સંજોગ-૧૯૩



**આડી ચાવી :**
(૧) સૂર્યાસ્ત પછી નહી જમવાનું વ્રત (૪)
(૪) જમશેદજી તાતાનું જન્મ સ્થળ (૪)
(૭) અંગારામાં શેકલી ભાખરી કે નાની બાટી (૩)
(૯) એક ગુજરાતી માસ (૨)
(૧૦) ધાતુઓ ગાળવાનો એક ખાર (૪)
(૧૩) થકાવટ, થાક (૩)
(૧૫) પુત્ર, દીકરો (૩)
(૧૭) પાંદડું, ફૂલની પાંખડી (૨)
(૨૦) દ્વેષ, ઝેર (૨)
(૨૧) લાલસા, લોભ (૩)
(૨૩) મહેનત કરતા વચમાં અટકી શરીરને સુખ આપવુ તે (૨)
(૨૫) ઘડી (૩)
(૨૬) શું ? (૧)
(૨૭) સત્તાવીસમું નક્ષત્ર (૩)
(૨૯) વિગ્રહ, લડાઈ (૨)
(૩૧) પાણી ભરવાનું વાસણ (૨)
(૩૨) ગુંજાસ, શક્તિ (૨)
(૩૩) શત્રુની છૂપી રીતે બાતમી જાણી લાવનાર (૩)
(૩૪) દશરથ રાજાના પુત્ર (૨)

**ઉભી ચાવી :**
(૧) ચોળાની સીંગ (૨)
(૨) જેને આપવાનું હોય તેના જ હાથમાં (૪)
(૩) ઉપર ઘુમ્મટ જેવા છત્રવાળું એક વાહન (૨)
(૫) વસાહત શબ્દ થયો (આ-અ) (૪)
(૬) વીસ ઘા કાગળ (૨)
(૮) રાત્રિના સમયે કરવામાં આવતું ભોજન (૩)
(૧૧) વિમાન ઉડ્ડયન શરૂ કરતા પહેલા....પર દોડે છે (૩)
(૧૨) રસનેંદ્રિયથી થતો અનુભવ (૨)
(૧૪) બખતર (૩)
(૧૬) હેપ્પી ન્યૂ....... (૨)
(૧૮) કપાળ (૩)
(૧૯) કુંતી (૨)
(૨૨) નસીબ, ભાગ્ય (૨)
(૨૪) એક ફૂલઝાડ (૩)
(૨૫) જહાજ ભાંગવાનો ઉદ્યોગ અહિંયા આવેલો છે (૩)
(૨૮) જમીન ખોદવાનું એક ઓજાર (૩)
(૩૦) પરવાનગી, સંમતિ (૨)
(૩૧) મહિનો (૨)

## શબ્દ સંજોગ-૧૯૨ જવાબ

**આડી ચાવી:** (૧) ઈંગ્લેન્ડ (૨) સિક્કો (૩) આદ્યું (૪) રિદ્ધિ (૫) મોર (૬) રાવત (૮) વિઘ્ન (૯) પાદ (૧૦) વિના (૧૧) પાર (૧૨) આનન (૧૪) યજન (૧૬) તમક (૧૮) મવાલ (૨૦) યમ (૨૩) દ્રાક્ષ (૨૪) વડવાનલ (૨૭) પ્રાસ (૨૮) ખોટ.

**ઉભી ચાવી:** (૧) ઈંદિરા (૨) સિદ્ધિવિનાયક (૩) આરપાર (૭) વજન (૧૧) પાનમ (૧૨) આલય (૧૩) નત (૧૫) હાલ (૧૭) મનુ (૧૯) વાદન (૨૧) મદ્રાસ (૨૨) વડ (૨૪) વટ (૨૫) વાની (૨૬) લટ.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૧૧ | ૧૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૮૮ | ૫૨૭ |
| ઘઉં ટુકડા | ૪૮૭ | ૬૧૨ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૮૪૮ |
| બાજરી | ૩૫૦ | ૪૧૧ |
| તુવેર | ૧૧૯૫ | ૧૪૩૨ |
| ચણા પીળા | ૮૮૦ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૫૫૦ | ૨૧૨૦ |
| અડદ | ૧૧૮૫ | ૧૫૨૦ |
| મગ | ૧૧૩૦ | ૧૬૭૬ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૨૭૧ |
| વટાણા | ૭૦૦ | ૧૮૫૦ |
| કળથી | ૪૫૦ | ૭૦૦ |
| રાજમા | ૬૪૦ | ૧૬૦૦ |
| મગફળી જાડી | ૯૧૦ | ૧૦૪૩ |
| મગફળી જીણી | ૯૪૦ | ૧૨૭૦ |
| તલી | ૧૬૦૦ | ૨૧૦૦ |
| સુરજમુખી | ૮૫૦ | ૧૪૦૪ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૮૬ |
| અજમો | ૯૦૦ | ૧૬૩૦ |
| સોયાબીન | ૭૭૧ | ૮૨૫ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૧૦ |
| કાળા તલ | ૩૪૩૦ | ૫૧૨૫ |
| લસણ | ૭૫૦ | ૧૫૬૫ |
| ધાણા | ૧૦૮૫ | ૧૪૫૦ |
| મરચા સુકા | ૬૫૦ | ૧૫૧૫ |
| ધાણી | ૧૨૦૦ | ૧૭૦૦ |
| વરીયાળી | ૧૪૦૦ | ૨૨૫૦ |
| જીરૂ | ૩૯૫૦ | ૪૩૧૨ |
| રાય | ૧૧૦૦ | ૧૩૦૦ |
| મેથી | ૮૮૦ | ૧૩૨૬ |
| ઇસબગુલ | ૧૭૦૦ | ૧૯૦૦ |
| અશેરીયો | ૧૧૮૧ | ૧૩૫૦ |
| કલોંજી | ૩૩૪૦ | ૪૦૧૦ |
| રાયડો | ૯૫૦ | ૧૦૭૨ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૧૫૦૦ | ૩૦૦૦ |
| સાકરટેટી | ૨૨૦ | ૪૧૦ |
| તરબુચ | ૨૦૦ | ૩૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૨૫ |
| ડુંગળી સુકી | ૫૦ | ૨૪૫ |
| ટમેટા | ૨૫૦ | ૪૦૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| કોથમરી | ૨૧૦ | ૪૨૦ |
| સકરીયા | ૩૦૦ | ૫૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૨૪૦ | ૫૦૦ |
| કોબીજ | ૪૦ | ૮૦ |
| ફ્લાવર | ૩૫૦ | ૬૧૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૭૫૦ | ૧૦૩૦ |
| ટીંડોળા | ૩૦૦ | ૮૦૦ |
| દુધી | ૧૬૦ | ૩૨૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૧૫૦ | ૩૨૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |

| | | |
|---|---|---|
| પરવર | ૭૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૫૦ | ૪૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૩૫૦ | ૫૧૦ |
| બીટ | ૮૦ | ૧૬૦ |
| મેથી | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૧૦ |
| આદુ | ૭૦૦ | ૯૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| લસણ લીલું | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મકાઇ લીલી | ૧૪૦ | ૨૦૦ |
| ગુંદા | ૨૫૦ | ૫૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૦ | ૧૫૪૧ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૮૧ |
| ઘઉં ટુકડા | ૪૧૧ | ૬૫૬ |
| મગફળી જીણી | ૮૩૧ | ૧૩૫૬ |
| સિંગદાણા જાડા | ૧૨૫૧ | ૧૩૫૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૩૧ |
| એરંડા / એરંડી | ૯૨૬ | ૧૨૦૬ |
| જીરૂ | ૩૫૦૧ | ૪૩૫૧ |
| વરીયાળી | ૯૭૧ | ૧૫૯૧ |
| મરચા સૂકા પટ્ટો | ૩૦૧ | ૨૦૫૧ |
| લસણ સુકું | ૬૭૧ | ૧૫૩૧ |
| ડુંગળી લાલ | ૨૬ | ૧૯૧ |
| અડદ | ૧૧૭૧ | ૧૫૫૧ |
| તુવેર | ૯૨૧ | ૧૪૦૧ |
| રાયડો | ૯૫૧ | ૧૧૨૧ |
| રાય | ૧૦૦૧ | ૧૨૩૧ |
| મેથી | ૬૩૧ | ૯૫૧ |
| કાંગ | ૫૦૧ | ૬૨૧ |
| મરચા | ૩૦૧ | ૧૮૫૧ |
| મગફળી જાડી | ૭૫૧ | ૧૪૦૧ |
| સફેદ ચણા | ૧૦૭૬ | ૧૯૯૧ |
| તલ - તલી | ૧૫૦૧ | ૧૯૮૧ |
| મરચા સૂકા ઘોલર | ૫૫૧ | ૨૨૦૧ |
| ડુંગળી સફેદ | ૯૦ | ૧૪૬ |
| બાજરો | ૩૩૧ | ૩૩૧ |
| જુવાર | ૪૦૧ | ૭૧૧ |
| મકાઇ | ૪૦૧ | ૪૯૧ |
| મગ | ૧૩૧૧ | ૧૬૨૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૮૧ |
| વાલ | ૫૦૧ | ૧૦૪૧ |
| સોયાબીન | ૭૧૧ | ૮૧૬ |
| ગોગળી | ૭૦૦ | ૧૦૦૦ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૬૦ | ૪૦૦ |
| મરચા | ૨૦૦ | ૯૦૦ |
| ગુવાર | ૫૨૦ | ૨૨૦૦ |
| કોબી | ૨૦ | ૧૫૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૧૨૦ | ૫૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૫૦૦ |
| ગલકા | ૧૦૦ | ૭૦૦ |
| ગાજર | ૪૦ | ૩૦૦ |
| ટિંડોરા | ૫૦૦ | ૮૦૦ |

| | | |
|---|---|---|
| વાલ | ૮૨૦ | ૧૬૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૮૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૨૪૦ | ૩૫૦ |
| ડુંગળી પુળા | ૫ | ૨૦ |
| તાંજરીયા પુળા | ૪ | ૬ |
| કોથમીર પુળા | ૨ | ૬ |
| મૂળા પુળા | ૫ | ૬ |
| ફોદીનો પુળા | ૧ | ૪ |
| ચુરણ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| પરવર | ૮૨૦ | ૯૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૪૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૩૬૦૦ |
| મેથી પુળા | ૨ | ૧૦ |
| બીટ પુળા | ૧૦ | ૨૦ |
| સરગવો પુળા | ૫ | ૧૦ |
| ચોરા | ૪૦૦ | ૧૧૦૦ |
| કારેલા | ૩૦૦ | ૭૦૦ |
| વાલોર | ૪૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૯૦૦ |
| કાચા પોપૈયા | ૧૨૦ | ૩૦૦ |
| આદુ | ૫૨૦ | ૧૦૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૨૦૦ |
| લસણ પુળા | ૨૦ | ૩૦ |
| પાલક પુળા | ૨ | ૫ |
| ગરમર | ૬૦૦ | ૮૦૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૮૬૦ | ૧૫૪૦ |
| શિંગ મઠડી | ૮૫૦ | ૧૦૨૧ |
| શિંગ મોટી | ૭૫૦ | ૧૦૫૪ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૩૧૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૦૧ |
| જુવાર | ૬૮૫ | ૬૮૫ |
| ઘઉં ટુકડા | ૩૫૮ | ૫૮૦ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૩૪ |
| મકાઈ | ૨૯૫ | ૩૭૦ |
| મગ | ૧૬૫૬ | ૧૬૫૬ |
| ચણા | ૭૨૦ | ૧૦૬૯ |
| ચણા દેશી | ૧૦૯૬ | ૧૧૦૧ |
| સફેદ ચણા | ૬૬૦ | ૧૦૯૩ |
| તુવેર | ૬૫૦ | ૧૩૨૦ |
| એરંડા | ૧૦૫૫ | ૧૧૫૨ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૩૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૯૦ |
| ધાણી | ૧૧૫૫ | ૧૬૦૦ |
| મેથી | ૬૦૫ | ૮૩૬ |
| સોયાબીન | ૬૯૫ | ૭૮૫ |
| મરચા લાંબા | ૨૩૦ | ૧૬૦૦ |
| દેશી મરચા | ૨૫૦ | ૩૪૫૦ |
| વરીયાળી | ૧૪૦૦ | ૧૪૦૦ |
| કાંગ | ૩૮૫ | ૫૩૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૩૦ | ૩૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૩૦ |

| | | |
|---|---|---|
| શક્કરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટામેટા | ૩૦૦ | ૪૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૩૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| વટાણાં | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| શકકરટેટી | ૨૦૦ | ૩૦૦ |
| પાકી કેરી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| કાચી કેરી | ૫૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૧૫૦ | ૨૦૦ |
| સરગવો | ૧૦૦ | ૧૫૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૪૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૨૦૦ |
| લસણ લીલુ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| લસણ સુકુ | ૬૦૦ | ૧૨૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૨૫૦ |
| લીંબુ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| **ધારી** | | |
| મગફળી | ૯૫૧ | ૯૫૧ |
| ઘઉં લોકવન | ૪૭૧ | ૫૦૧ |
| ચણા | ૯૬૬ | ૧૦૬૮ |
| તુવેર | ૧૧૯૫ | ૧૩૦૦ |
| ધાણા | ૧૦૭૦ | ૧૧૦૦ |
| એરંડા | ૯૭૮ | ૧૧૬૩ |
| જીરૂ | ૩૭૭૫ | ૩૭૭૫ |
| શીંગ દાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| બાજરો | ૪૦૫ | ૪૧૫ |
| મેથી | ૮૨૫ | ૮૨૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૦ |
| મગફળી | ૮૦૦ | ૮૦૦ |
| ચણા દેશી | ૧૧૦૧ | ૧૧૦૧ |
| જુવાર સફેદ | ૬૨૨ | ૬૬૪ |
| તુવેર | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ઘઉં | ૬૧૦ | ૬૧૦ |
| જીરૂ | ૪૦૮૦ | ૪૦૮૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૪૦ | ૧૦૫૧ |
| મગફળી ૩૨ નં. | ૯૨૫ | ૧૦૪૧ |
| બાજરી હાઈબ્રીડ | ૪૫૦ | ૫૬૪ |
| ઘઉં | ૪૫૦ | ૫૭૯ |
| રાઈ | ૧૧૫૦ | ૧૨૩૬ |

| | | |
|---|---|---|
| રાયડો | ૯૫૦ | ૧૦૩૪ |
| મેથી | ૭૦૦ | ૯૭૪ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૩૦ |
| જુવાર | ૬૦૦ | ૭૫૮ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૯૬ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૮૪ |
| સફેદ તલ | ૧૪૫૦ | ૧૮૭૦ |
| સોયાબીન | ૭૭૦ | ૮૩૩ |
| ધાણા | ૧૧૦૦ | ૧૨૪૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૨૯૯ | ૧૩૬૭ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૭૭ |
| ઘઉં લોકવન | ૩૫૪ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૩૩ | ૪૯૨ |
| ચણા | ૯૦૦ | ૧૦૬૦ |
| મેથી | ૬૧૫ | ૭૯૦ |
| ધાણા | ૭૦૦ | ૧૧૯૦ |
| તલ સફેદ | ૧૩૫૫ | ૧૬૯૦ |
| મગફળી | ૮૦૦ | ૮૯૦ |
| જુવાર | ૫૪૦ | ૫૪૦ |
| તુવેર | ૮૦૦ | ૧૧૯૦ |
| શીંગ દાણા | ૧૦૨૦ | ૧૨૪૦ |
| સોયાબીન | ૬૦૦ | ૭૬૦ |
| મગ | ૧૪૪૦ | ૧૪૪૦ |
| રાય | ૧૦૦૦ | ૧૦૨૦ |
| રાયડો | ૮૫૦ | ૮૫૦ |
| ચણા સફેદ | ૧૦૨૦ | ૧૦૨૦ |
| એરંડા | ૬૦૦ | ૮૦૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૨૫૧ | ૧૫૦૦ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૦૧૧ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૦૬૧ |
| તલ | ૧૫૦૦ | ૧૬૦૦ |
| તલ કાળા | ૪૫૦૦ | ૫૦૦૨ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૩૫૦ |
| ઘઉં | ૪૯૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૦ |
| બાજરો | ૫૦૦ | ૬૦૦ |
| જુવાર | ૬૫૦ | ૭૫૧ |
| અજમો | ૫૨૦ | ૫૨૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૮૦ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૭૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૫૦ |
| મેથી | ૯૭૦ | ૧૦૫૦ |
| ધાણા | ૧૩૫૦ | ૧૫૪૦ |
| સોયાબીન | ૭૫૦ | ૭૫૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૨૧ | ૯૬૪ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૮૬૦ |
| તલ પીળા | ૧૮૩૫ | ૧૮૩૫ |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૦૨ |
| બાજરો | ૪૭૦ | ૫૪૭ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૯૦ |
| જુવાર | ૬૦૦ | ૮૫૧ |

| | | |
|---|---|---|
| મગ | ૧૨૧૪ | ૧૨૧૪ |
| તુવેર | ૧૧૫૦ | ૧૨૫૧ |
| ચણા | ૯૦૦ | ૧૦૭૫ |
| રાય | ૧૦૮૧ | ૧૦૮૧ |
| સોયાબીન | ૭૮૪ | ૭૯૮ |
| એરંડી | ૧૧૪૩ | ૧૧૪૩ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૫૦ |
| કપાસ મીડીયમ | ૧૨૭૦ | ૧૩૯૦ |
| મગફળી | ૯૯૫ | ૧૦૦૫ |
| જીરૂ | ૩૭૧૦ | ૪૩૦૦ |
| ઘઉં | ૪૬૫ | ૫૨૫ |
| ધાણા | ૧૨૯૦ | ૧૪૧૦ |
| ચણા | ૧૦૫૬ | ૧૦૮૪ |
| એરંડા | ૧૦૪૫ | ૧૧૬૫ |
| **જામનગર** | | |
| ઘઉં | ૪૦૦ | ૫૧૯ |
| અડદ | ૭૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૭૫૦ | ૧૩૧૫ |
| વાલ | ૫૦૦ | ૯૪૦ |
| ચણા સફેદ | ૧૬૦૦ | ૨૨૦૦ |
| મગફળી જીણી | ૭૫૦ | ૧૦૫૦ |
| મગફળી જાડી | ૭૦૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૮૭ |
| રાયડો | ૯૨૫ | ૧૦૧૮ |
| રાઈ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લસણ | ૫૦૦ | ૧૬૧૫ |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૭૫ |
| જીરૂ | ૨૬૦૦ | ૪૨૦૦ |
| અજમો | ૧૦૦૦ | ૨૬૧૫ |
| ધાણા | ૯૦૦ | ૧૩૨૫ |
| ડુંગળી | ૪૫ | ૨૫૦ |
| મરચા સૂકા | ૯૦૦ | ૨૧૫૦ |
| ઈસબગુલ | ૧૫૦૦ | ૨૦૨૫ |
| સોયાબીન | ૫૦૦ | ૭૩૦ |
| વટાણા | ૬૦૫ | ૧૫૪૦ |
| કલોંજી | ૧૮૦૦ | ૩૯૦૦ |
| રાજમા | ૬૬૫ | ૧૫૫૦ |
| **મહુવા** | | |
| શીંગ ૩૯ | ૮૪૨ | ૮૪૨ |
| શીંગ ૩૨ | ૯૫૭ | ૧૦૧૧ |
| શીંગ જી-૨૦ | ૯૧૫ | ૧૦૧૨ |
| એરંડા | ૧૦૬૬ | ૧૧૭૫ |
| જુવાર | ૪૦૬ | ૭૦૯ |
| બાજરી | ૪૧૫ | ૫૮૨ |
| ઘઉં ટુકડા | ૪૩૫ | ૬૧૩ |
| અડદ | ૪૦૦ | ૪૦૦ |
| મગ | ૧૫૦૫ | ૨૦૨૫ |
| મગ | ૧૫૦૫ | ૨૦૨૫ |
| મેથી | ૮૩૦ | ૮૩૦ |
| ચણા નં.૩ | ૯૭૪ | ૧૦૮૪ |
| તલ સફેદ | ૧૬૯૯ | ૧૯૩૬ |
| તલ કાળા | ૨૬૫૧ | ૪૯૨૬ |
| તુવેર | ૫૦૦ | ૧૩૫૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ડુંગળી લાલ | ૫૦ | ૨૦૦ |
| નાળીયેર | ૫૪૧ | ૨૬૯૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ખોડલધામ યુવા પ્રીમિયર લીગનો ભવ્ય પ્રારંભ, રાજકીય અને સામાજિક અગ્રણીઓની હાજરી

રાજકોટ,તા.૦૧

રાજકોટમાં ખોડલધામ ટ્રસ્ટ-કાગવડની યુવા પાંખ, ખોડલધામ યુવા સમિતિ દ્વારા સૌપ્રથમ વખત આયોજિત ખોડલધામ યુવા પ્રીમિયર લીગ (KYPL)નો ૩૦મી એપ્રિલના રોજ ધમાકેદાર પ્રારંભ થયો હતો. અખાત્રીજના પવિત્ર દિવસે રાજકોટ નજીક પાળ ગામ પાસેના એસજી ક્રિકેટ ક્લબ ગ્રાઉન્ડ ખાતે આ ક્રિકેટ ટુર્નામેન્ટનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. સાંજે ૬ કલાકે



યોજાયેલા ઉદ્ઘાટન સમારોહમાં ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, દર્શિતાબેન શાહ, રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા, રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલ, ભાજપ યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રશાંતભાઈ કોરાટ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે સહિત અનેક રાજકીય, સામાજિક અગ્રણીઓ અને ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનો દ્વારા રિબિન કાપીને KYPLનો વિધિવત પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ નરેશભાઈ પટેલ સહિતના અગ્રણીઓએ બેટિંગમાં પણ પોતાનો હાથ અજમાવ્યો હતો અને ટુર્નામેન્ટમાં ભાગ લેનારી તમામ ટીમોના ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પંચમહાલ જિલ્લાને રૂ.૬૪૪.૭૨ કરોડના વિકાસકામોની ભેટ આપી

દાહોદ,તા.૦૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાવનધરા પંચમહાલ ખાતે ગુજરાત ગૌરવ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણીનો પ્રારંભ નાગરિકોને રૂ. ૬૪૪.૭૨ કરોડના વિકાસ કામોની ભેટ આપીને કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ ગુજરાતના વિકાસના ૨૦૦૧ પહેલા અને તે પછીના એમ બે કાલખંડોનો સ્પષ્ટ નિર્દેશ કરી ભેદરેખા આલેખી હતી. આ પરિપ્રેક્ષ્યમાં તેમણે જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીના ગુજરાતનાં મુખ્યમંત્રી તરીકેના નેતૃત્વ બાદ થયેલા વિકાસ અને તે પૂર્વેના વિકાસ વચ્ચેનું અંતર આજે સ્પષ્ટ જોઇ શકાય છે. રાજ્યનો કોઇ પણ વિસ્તાર સર્વગ્રાહી વિકાસથી વંચિત ના રહે તેવું સુદ્રઢ આયોજન વડાપ્રધાનના દિશાનિર્દેશમાં કરાયું છે. ગરવા ગુજરાતીઓ ઉન્નત મસ્તકે ગર્વપૂર્વક કહી શકે એ પ્રકારે ગુજરાતે તમામ ક્ષેત્રોમાં વિકાસના નવા સિમાચિન્હો સ્થાપિત કર્યા છે. મુખ્યમંત્રી



ભૂપેન્દ્ર પટેલે ગુજરાત ગૌરવ દિને પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતેથી રૂ. ૬૪૪.૭૨ કરોડના વિવિધ ૮૫ જેટલા વિકાસ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ, ઈ- ખાતમુહૂર્ત કર્યું હતું. મુખ્યમંત્રીએ ગોધરામાં રૂ. ૫.૦૫ કરોડ ઉપરાંતના ખર્ચે નિર્માણ થયેલ પોલીસ મહાનિરીક્ષકની કચેરીનું લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીએ ગુજરાત પોલીસ એક્સ્પો -૨૦૨૫ અંતર્ગત યોજાયેલ શસ્ત્ર પ્રદર્શનની પણ મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, પહેલા આખા વર્ષના જિલ્લાના વિકાસ કામોના બજેટ જેટલી રકમના વિકાસ કામો આજે એક જ દિવસમાં લોકોને આપવામાં આવી રહયાં છે.

# ધારીમાં ગુજરાત અને GSRTC સ્થાપના દિવસની કરાઈ ઉજવણી

ધારી,તા.૦૧

અમરેલી વિભાગમાં ગુજરાત રાજ્ય સ્થાપના દિવસ અને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) ના



સ્થાપના દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. વિભાગીય નિયામક સોલંકી અને ડેપો મેનેજર એમ.એમ. દાદુના સીધા માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડ્રાઈવર મિત્રોને પુષ્પગુચ્છ અર્પણ કરીને ગુજરાત એસ.ટી. ના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે વહીવટી સ્ટાફ, મિકેનિક સ્ટાફ, સ્ટેન્ડ ઈન્ચાર્જ, એટીઆઈ, એપ્રેન્ટીસ અને મોટી સંખ્યામાં ડ્રાઈવર મિત્રો સહિતના કર્મચારીઓએ હાજરી આપી હતી.

# બાબરા: તાઈવદર એપ્રોચ રોડનું રૂ. ૧.૨૨ કરોડના ખર્ચે રિસર્ફેસીંગ, ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત

બાબરા,તા.૦૧

ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયત્નોથી બાબરા તાલુકાના તાઈવદર એપ્રોચ રોડના રિસર્ફેસીંગ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અંદાજે રૂ. ૧ કરોડ ૨૨ લાખના ખર્ચે પૂર્ણ થશે. ખાતમુહૂર્ત કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, અમરેલી જિલ્લા ભાજપના મહામંત્રી



ભુપેન્દ્રભાઈ બસીયા, બાબરા તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ કલકાણી સહિત અનેક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ગ્રામ્ય વિકાસને પ્રાથમિકતા આપી રહી છે અને આ રોડના રિસર્ફેસીંગથી તાઈવદર તથા આસપાસના ગામોના લોકોને અવરજવરમાં ઘણી સરળતા રહેશે. તેમણે આગામી સમયમાં પણ વિસ્તારમાં અનેક વિકાસ કાર્યો હાથ ધરાશે તેમ ઉમેર્યું હતું. જિલ્લા પંચાયતના સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળે ધારાસભ્યના પ્રયત્નોને બિરદાવ્યા હતા, ગ્રામજનોએ પણ રોડના રિસર્ફેસીંગ કાર્ય શરૂ થવા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.

# સુરત બાદ ગાંધીનગરમાં ગોલ્ડ એટીએમનું ધારાસભ્યના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યુ

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૦૧

ગાંધીનગરમાં ધારાસભ્ય રીટાબેન પટેલના હસ્તે રાજ્યના બીજા ગોલ્ડ એટીએમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. ATM મારફતે ૧ થી ૨૫ ગ્રામ સુધી સોના-ચાંદીનાં સિક્કાની ખરીદી કરી શકાશે. ગાંધીનગર સેક્ટર ૨માં આવેલા ચાર્વેદ કોમ્પલેક્સમાં ગોલ્ડ ATM શરૂ કરવામાં આવ્યું છે. ગાંધીનગર ધારાસભ્ય રીટાબેન પટેલનાં હસ્તે ગોલ્ડ એટીએમ શરૂ કરવામાં આવ્યું છે. જ્યાં ભાજપના કેતન પટેલ સહિત અન્ય મહેમાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. એટીએમ મારફતે લોકો ૧ થી ૨૫ ગ્રામ સુધીના સોનાનાં સિક્કાની ખરીદી કરી શકશે. ઉપરાંત યુપીઆઈ ઓનલાઈન બેન્કિંગ કે ક્રેડિટ કાર્ડથી ચુકવણી પણ કરી શકશે. ધારાસભ્યે જણાવ્યું હતું કે, સોના-ચાંદીનું આપણા દેશમાં, સમાજમાં વિશેષ મહત્વ છે, શુભ પ્રસંગે સોનું ખરીદવાની પણ પરંપરા છે.

# ચિતલ ગામે તળાવ ઊંડા કરવાની કામગીરીનો પ્રારંભ

અમરેલી, તા.૦૧

ચિતલ ગામ ખાતે તળાવ ઊંડા કરવાની કામગીરીનો આજથી પ્રારંભ થયો હતો. જન સંગઠન ચિતલ-જશવંતગઢ-ટીંબા-સુરત ટીમ દ્વારા વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને સ્વામિનારાયણ ગુરૂકુળના શ્રી હરિચરણ સ્વામીના હસ્તે આ કામગીરી શરૂ થઈ હતી. જન સંગઠન ટીમ સુરત, ચિતલ-જશવંત ગઢ અને ધોળકિયા ફાઉન્ડેશન-સુરત-હરિકૃષ્ણ ગૃપ અને સરકારની સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા, સતત



પાંચમાં વર્ષે મોણપર રેલવે બ્રિજ પાસે ચેકડેમ-કોમન ગાઈડલાઈન ૨૦૦૮- વોટર શેડ ચેકડેમ-૩- વાળા તળાવને ઊંડું ઉતારવાની કામગીરીની શરૂઆત થઈ હતી. આ તળાવમાં અંદાજે ૪૦,૦૦૦ ઘનમીટર ખોદકામ કરવાનો સંકલ્પ કરવામાં આવેલ છે. આ તળાવ દ્વારા ચિતલ, જશવંતગઢ અને મોણપરના ખેડૂતો અને ગ્રામજનોને મોટા પ્રમાણમાં લાભ મળશે. આ તકે સુકેશભાઈ પાથર - ઉપપ્રમુખ જિલ્લા પંચાયત અમરેલી, ચેતનભાઈ ધાનાણી, પ્રમુખ તાલુકા ભાજપ અને જન સંગઠન ટીમ - વિજયભાઈ નાડોદા, ડૉ. અજયભાઈ દેસાઈ, રમેશભાઈ માંગરોળીયા (શિવમ), ઉદયભાઈ સાવલિયા, મયુરભાઈ પાનેલીયા તેમજ ગામના આગેવાન જયસુખભાઈ દેસાઈ, રાજુભાઈ ધાનાણી, રઘુવીરસિંહ સરવૈયા, મનસુખભાઈ નાડોદા, જયંતિભાઈ દેસાઈ, ઝાલા ચૌહાણ, દિનેશભાઈ નાડોદા, શરદભાઈ નાડોદા, શ્રવણભાઈ ડાભી, લાભુભાઈ ચિત્રોડા તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં બાબર સમાજનો ભવ્ય યુવક-યુવતી પરિચય મેળો, ૧૪૦ યુવાઓએ લીધો ભાગ

અમરેલી,તા.૦૧

અમરેલી જિલ્લા બાબર સમાજ પરિચય મેળા કમિટી દ્વારા રવિવારના રોજ અમરેલી શહેરમાં યુવક-યુવતી પરિચય મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિચય મેળામાં કુલ ૧૪૦ યુવક અને યુવતીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા અને જનકભાઈ



તળાવીયા તેમજ અંદાજે ૧૧૦૦ જેટલા જ્ઞાતિજનોએ હાજરી આપી કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો. લાઠી ખેર પરિવાર દ્વારા દીકરા-દીકરીઓ તેમજ સ્વયંસેવક બહેનોને મુખવાસદાની ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પરિચય મેળો સમાજની યુવા પેઢી માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ સાબિત થયો, જેના માધ્યમથી સુપાત્ર યુવક-યુવતીઓને સારા જીવનસાથી પસંદ કરવાની સુંદર તક મળી હતી. આ ભવ્ય આયોજન બદલ પંચાળ કેસરી બાબર સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા પરિચય મેળાના પ્રમુખ કલ્પેશભાઈ ખેર અને તેમની કમિટીને સમાજના સર્વોચ્ચ સન્માન 'જ્ઞાતિ ગૌરવ સન્માન'થી નવાજવામાં આવ્યા હતા.

# વેરાવળ પોલીસની સઘન તપાસ, પરપ્રાંતીય ઈસમોની પૂછપરછ કરી માહિતી મેળવી

ગીર સોમનાથ,તા.૦૧

વેરાવળ સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા પરપ્રાંતીય ઈસમોની તપાસ કરી પોલીસે અસરકારક કામગીરી હાથ ધરી છે. જૂનાગઢ રેન્જના આઈ.જી.પી. નિલેશ જાજડીયા અને ગીર સોમનાથ જિલ્લાના પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન. જાડેજાની સૂચના અને નાયબ પોલીસ અધિક્ષક વી.આર. ખેંગારના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી.



પોલીસ ઈન્સ્પેક્ટર એચ.આર. ગોસ્વામી અને સર્વેલન્સ સ્કવોડના પો. સબ.ઈન્સ. આર.આર. રાયજાદાના માર્ગદર્શનમાં સર્વેલન્સ સ્કવોડ અને વેરાવળ સીટી પોલીસ સ્ટાફે વેરાવળ શહેરના વિવિધ વિસ્તારોમાં રહેતા અને કામ કરતા પરપ્રાંતીય ઈસમોને શોધી કાઢ્યા હતા.

# ડોળાસા ગામે ક્ષત્રિય કારડીયા રાજપુત સમાજનો સાતમો સમૂહ લગ્નોત્સવ યોજાયો

ડોળાસા તા.૦૧

કોડીનારના ડોળાસા ગામે ક્ષત્રિય કારડીયા રાજપુત સમાજનો સાતમો સમૂહ લગ્નોત્સવ ધામધૂમથી સંપન્ન થયો હતો. ૧૫ નવદંપતીઓએ



પ્રભુતામાં પગલાં પાડયા હતા. ડોળાસા કારડીયા રાજપુત સમાજ સમૂહલગ્ન આયોજન સમિતિ અને સમસ્ત કારડીયા રાજપુત સમાજના સંયુકત ઉપક્રમે સાતમો સમૂહ લગ્નોત્સવ તા.૨૯ના રોજ યોજાયો હતો. જેમાં ડોળાસા ગામની પંદર દીકરીઓના એક જ સમિયાણામાં લગ્ન યોજાયા હતા. ગોર મહારાજના વૈદિક મંત્રોચ્ચાર સાથે ૧૫ યુગલોએ અગ્નિની સાક્ષીએ ચાર ફેરા ફરી દાંપત્યજીવનમાં પ્રવેશ કર્યો હતો.

# કોડીનાર : સિમેન્ટ કંપનીના પ્રદૂષણથી ગાયત્રી આશ્રમની બે ગાયોના મોત, મહંતે કલેક્ટરને કરી રજૂઆત

કોડીનાર,તા.૦૧

કોડીનાર નજીકના મૂળદ્વારકા ખાતે આવેલી એક ખાનગી સિમેન્ટ કંપની દ્વારા ફેલાવતા પ્રદૂષણના કારણે ગાયત્રી આશ્રમની બે ગાયોનું મૃત્યુ થયું છે. આ અંગે ગાયત્રી આશ્રમના મહંત બલરામચરણ મહારાજે જિલ્લા કલેક્ટર અને પોલ્યુશન બોર્ડને ફરિયાદ કરી છે, જેમાં તેમણે સિમેન્ટ કંપનીની બંદર



તસ્વીર : કુલદીપ પાઠક

પરની જેટી દ્વારા ફેલાતા સિમેન્ટ અને કોલસાની કાળી ભૂકીના પ્રદૂષણથી આશ્રમની આસપાસના વૃક્ષો, પીવાના પાણીના સ્ત્રોતો અને ગૌશાળાની ગાયોનો ઘાસચારો પ્રભાવિત થયો હોવાનું જણાવ્યું છે. મહંતે પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે કેમિકલયુક્ત ઝેરી ઘાસચારો ખાવાના અને પાણી પીવાના કારણે આશ્રમની ગૌશાળાની બે ગાયો મૃત્યુ પામી છે. આ અંગે કલેક્ટરે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડને તાત્કાલિક આગળની કાર્યવાહી કરવા જણાવ્યું છે.

# કોડીનારમાં ભગવાન પરશુરામ જન્મોત્સવની સાદગીપૂર્ણ ઉજવણી, આતંકવાદનો ભોગ બનેલાઓને શ્રદ્ધાંજલિ અર્પણ

કોડીનાર,તા.૦૧

કોડીનાર શહેરમાં દર વર્ષે ભવ્ય રીતે ઉજવાતો ભગવાન પરશુરામનો જન્મોત્સવ આ વખતે સાદગીથી સંપન્ન થયો હતો. તાજેતરમાં કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ પ્રવાસીઓના મૃત્યુના પગલે બ્રહ્મસમાજે શોક વ્યક્ત કર્યો હતો. ઉજવણીમાં શોભાયાત્રા, ડીજે અને આતશબાજી જેવા કાર્યક્રમો રદ



તસ્વીર : ધર્મેશ પાઠક

કરવામાં આવ્યા હતા અને મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.તાલુકા બ્રહ્મસમાજ પ્રમુખ મુકેશભાઈ મહેતા અને શહેર બ્રહ્મસમાજ પ્રમુખ બીપીનભાઈ જાનીના અધ્યક્ષસ્થાને બ્રહ્મપુરી ખાતે ભગવાન પરશુરામની પૂજા, મહાઆરતી અને અન્નકૂટ દર્શન યોજાયા હતા. ત્યારબાદ પહેલગામના મૃતક પ્રવાસીઓને બે મિનિટનું મૌન પાળી શાંતિ પાઠ કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત સૌ બ્રહ્મબંધુઓ માટે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત બ્રહ્મસમાજના અગ્રણી છેલભાઈ જોશી, જિલ્લા બ્રહ્મસમાજ પ્રમુખ તુષારભાઈ પંડ્યા સહિત મોટી સંખ્યામાં બ્રહ્મસમાજના ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનાર નજીકની મહાપ્રભુજીની બેઠકે પહોંચવા રૂ. ૬૭ લાખના ખર્ચે પુલનું નિર્માણ થશે

કોડીનાર,તા.૦૧

કોડીનાર નજીક સુપ્રસિદ્ધ પૌરાણિક ધાર્મિક સ્થળ મહાપ્રભુજીની બેઠક સુધી જવા માટે શિંગોડા નદી ઉપર ૬૭ લાખના ખર્ચે ૯૦ મીટરનો પુલ બનાવવા માટેનું ભૂમિપૂજન આજે ધારાસભ્ય ડો. પ્રદ્યુમનભાઈ વાજાના હસ્તે કરવામાં આવ્યું હતું. કોડીનાર મૂળદ્વારકા રોડ ઉપર આવેલી આ મહાપ્રભુજીની બેઠકે દર્શન માટે વૈષ્ણવો દૂર



તસ્વીર : કુલદીપ પાઠક

દૂરથી આવે છે. પરંતુ ચોમાસા દરમિયાન શિંગોડા નદીમાં પાણી રહેતું હોવાથી બેઠકજી સુધી દર્શને જવા શ્રદ્ધાળુઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને આ રસ્તો છ મહિના બંધ રહેતો હોવાથી દર્શન માટે ફરી ફરીને જવું પડે છે. આ સમસ્યાના નિરાકરણ માટે વૈષ્ણવો દ્વારા માજી સાંસદ દિનુભાઈ સોલંકી અને કોડીનારના ધારાસભ્ય પ્રદ્યુમન વાજાને રજૂઆત કરી હતી. જે અંગે ધારાસભ્ય વાજાએ સરકારમાં રજૂઆતો કરતા સરકાર દ્વારા ડીએમએફની ગ્રાન્ટમાંથી ૫૧ લાખ મંજૂર થયા હતા, જ્યારે ૧૭ લાખ જેવી રકમ લોકભાગીદારીથી એકઠી કરીને કોડીનાર નગરપાલિકાની નોડલ એજન્સી તરીકે નિમણૂક કરી હતી.

## ભારત સરકારે પાકિસ્તાની નાગરિકોને મોટી રાહત આપી, નવા આદેશ સુધી તેઓ પાકિસ્તાન જઈ શકશે

નવીદિલ્હી,તા.૦૧

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા. આ હુમલા પછી, ભારત સરકાર સતત એક્શન મોડમાં છે. બીજી તરફ, સેનાને પણ છૂટ આપવામાં આવી છે. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત સરકારે પાકિસ્તાની નાગરિકોને આપવામાં આવેલા વિઝા રદ કરી દીધા હતા. પાકિસ્તાની નાગરિકોને ૨૯ એપ્રિલ સુધીમાં ભારત છોડીને પાકિસ્તાન જવા માટે કહેવામાં આવ્યું હતું. જોકે, ભારત સરકારે ૧ મેના રોજ અટારી



આંતરરાષ્ટ્રીય સરહદ બંધ કરવાના નિર્ણય પર પાકિસ્તાની નાગરિકોને રાહત આપી છે. આ આદેશ ભારત સરકારના ગૃહ વિભાગ દ્વારા જારી કરવામાં આવ્યો છે. ભારત સરકારના ગૃહ વિભાગે જણાવ્યું હતું કે ૧ મેના રોજ અટારી આંતરરાષ્ટ્રીય સરહદ દ્વારા તમામ અવરજવર અને સંપૂર્ણ વેપાર બંધ કરવાના આદેશ છતાં, પાકિસ્તાની નાગરિકોને હજુ પણ સરહદ પાર કરવા માટે છૂટ આપવામાં આવશે. આગામી આદેશ સુધી, ભારતમાં હાજર પાકિસ્તાની નાગરિકો અટારી આંતરરાષ્ટ્રીય સરહદ દ્વારા તેમના દેશમાં પાછા ફરી શકે છે. માન્ય મુસાફરી વિઝા અને બધા દસ્તાવેજો હોવા છતાં, અન્ય કોઈપણ કારણોસર ભારતમાં ફસાયેલા પાકિસ્તાની નાગરિકોને સરહદ પાર કરવાની મંજૂરી આપવામાં આવશે.

## રાજ્યમાં આગામી દિવસોમાં વાદળિયું વાતાવરણ રહેશે, ગાજવીજ સાથે વરસાદની સંભાવના

અમદાવાદ,તા.૦૧

હવામાન આગાહીકાર પરેશ ગોસ્વામીએ ગુજરાતના હવામાનમાં મોટો ફેરફાર થશે તેવી આગાહી કરી છે. ૩ થી ૧૦ મે, ૨૦૨૫ની વચ્ચે રાજ્યના ઘણા વિસ્તારોમાં પવન ફૂંકાઈ શકે છે. કેટલાક વિસ્તારોમાં કરા પડવાની પણ શક્યતા છે. હવામાન નિષ્ણાતે વધુમાં જણાવ્યું હતું કે દક્ષિણ પાકિસ્તાન ઉપર એક સિસ્ટમ રચાઈ રહી છે. જેના કારણે ૩ થી ૯ મે દરમિયાન વાવાઝોડા આવશે અને તેની અસર સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને પૂર્વી કચ્છ પર પડશે. તોફાન અને વાવાઝોડાના પવનો પણ જોવા મળી શકે છે. ખેડૂતોએ પણ સાવધ રહેવું જોઈએ જેથી પાકેલા પાકને બગડતા બચાવી શકાય. હવામાન વિભાગે રાજ્યમાં તીવ્ર ગરમીની આગાહી કરી છે. રાજ્ય હવામાન વિભાગના ડિરેક્ટર એકે દાસે જણાવ્યું હતું કે આજે અમદાવાદમાં ગરમીનું મોજું રહેવાની શક્યતા છે. કચ્છ, મોરબી, રાજકોટ,



બોટાદ, સુરેન્દ્રનગર, અમદાવાદમાં ગરમીનું મોજું રહેવાની શક્યતા છે. પ્રિ-મોન્સૂન પ્રવૃત્તિને કારણે ભીષણ ગરમી પછી વરસાદ થવાની ધારણા છે. ૩ થી ૬ મે દરમિયાન ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં વરસાદ પડશે. ૩ મેના રોજ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠામાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ૪ મેના રોજ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટા ઉદેપુર, અમરેલી, ભાવનગરમાં ૪ મેના રોજ ગાજવીજ સાથે વરસાદ પડશે. ૫ મેના રોજ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, દાદરા નગર હવેલી, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગરમાં માવઠું જોવા મળશે.

## વાડ્રાના નિવેદન વિરૂધ્ધ અરજી દાખલ અલ્હાબાદ હાઈકોર્ટ સુનાવણી કરશે

અલ્હાબાદ,તા.૧

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલા અને પ્રવાસીઓની ક્રૂર હત્યાને લઈને ભારતમાં ગુસ્સો છે. આખો દેશ આતંકવાદીઓ અને પાકિસ્તાન સામે કાર્યવાહીની માંગ કરી રહ્યો છે. જોકે, કોંગ્રેસ નેતા રોબર્ટ વાડ્રાએ આ હુમલા અંગે વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. તેમણે આ આતંકવાદી હુમલા માટે ભારતમાં મુસ્લિમો સાથેના દુર્વ્યવહારને જવાબદાર ગણાવ્યો હતો. આ નિવેદન અંગે વાડ્રા વિરુદ્ધ તપાસ માટે અરજી દાખલ કરવામાં આવી છે, જેના પર શુક્રવારે અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચ સુનાવણી કરવા જઈ રહી છે. પહેલગામ આતંકવાદી હુમલા અંગે રોબર્ટ વાડ્રાએ કહ્યું હતું કે- ‘‘મને ખૂબ જ ખરાબ લાગે છે અને આ આતંકવાદી કૃત્યમાં માર્યા ગયેલા લોકો પ્રત્યે મારી ઊંડી સંવેદના છે. આપણા દેશમાં, આપણે જોઈએ છીએ કે આ સરકાર હિન્દુત્વ વિશે વાત કરે છે, અને લઘુમતીઓ અસ્વસ્થતા અને પરેશાની અનુભવે છે.

## ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં રૂા. ૧૭નો ઘટાડો કર્યો

નવીદિલ્હી,તા.૧

ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૭ રૂપિયા સુધીનો ઘટાડો કર્યો છે, જેનાથી મોંઘવારીમાંથી રાહત મળી છે. એલપીજી સિલિન્ડરના ભાવમાં આ તાજેતરના ઘટાડા પછી, નવી કિંમતો ૧ મે, ૨૦૨૫થી અમલમાં આવી છે. તમને જણાવી દઈએ કે કંપનીઓએ ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં આ ઘટાડો કર્યો છે. ઘરોમાં વપરાતા ૧૪.૨ કિલોગ્રામના ઘરેલુ એલપીજી સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આવી સ્થિતિમાં, કંપનીઓના આ નિર્ણયથી સામાન્ય લોકોને કોઈ રાહત મળશે નહીં. કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં આ ઘટાડો રેસ્ટોરન્ટ અને હોટલ માલિકોને રાહત આપશે. આ વર્ષે દિલ્હીમાં કોમર્શિયલ એલપીજી



સિલિન્ડરના ભાવ ૫ માંથી ૪ વખત ઘટાડવામાં આવ્યા છે, જ્યારે કિંમતમાં એક વખત વધારો કરવામાં આવ્યો હતો. ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧ જાન્યુઆરીએ ૧૪.૫ રૂપિયા, ૧ ફેબ્રુઆરીએ ૭ રૂપિયા, ૧ માર્ચે ૬ રૂપિયા અને ૧ એપ્રિલે ૪૧ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આજે ૧ મેના રોજ તેમાં ૧૪.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં આ ઘટાડા બાદ, દેશના મુખ્ય શહેરોમાં સિલિન્ડર સસ્તા થશે.

## કોર્ટે મંજૂરી આપતા આતંકવાદી તહવ્વુર રાણાના અવાજના નમૂના લેવામાં આવશે

નવીદિલ્હી,તા.૧

પટિયાલા હાઉસ કોર્ટે ૨૬/૧૧ આતંકવાદી હુમલાના આતંકવાદી તહવ્વુર રાણાના અવાજના નમૂના અને હસ્તાક્ષરના નમૂના લેવાની મંજૂરી આપી છે. એનઆઈએએ આ અંગે કોર્ટમાં અરજી દાખલ કરી હતી, જેમાં NIAએ તહવ્વુર રાણાના અવાજના નમૂના અને હસ્તાક્ષરના નમૂના લેવાની પરવાનગી માંગી હતી. આતંકવાદી તહવ્વુર રાણા હાલમાં ૧૨ દિવસ માટે એનઆઈએ કસ્ટડીમાં છે. અગાઉ NIA કોર્ટે ૨૬/૧૧ આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર રાણાની કસ્ટડી ૧૨ દિવસ માટે લંબાવી હતી. તહવ્વુર રાણાને દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાંથી લઈ જવામાં આવ્યો હતો. અહીંની રાષ્ટ્રીય તપાસ એજન્સી કોર્ટે તેમની કસ્ટડીનો સમયગાળો ૧૨ દિવસ માટે લંબાવ્યો છે. ૨૬/૧૧ના મુંબઈ હુમલાના મુખ્ય કાવતરાખોરોમાં તહવ્વુર હુસૈન રાણા એક મહત્વપૂર્ણ નામ છે. તેને મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ ડેવિડ કોલમેન હેડલીનો નજીકનો માનવામાં આવે છે.

## પાકિસ્તાનની નફ્ફટાઈ : પોતાના જ નાગરિકોને સરહદ પર અટકાવી દીધા

અમૃતસર,તા.૦૧

પહેલગામ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. પાકિસ્તાને નફ્ફટાઈની હદ વટાવતાં પોતાના જ નાગરિકોને સરહદ પર અધવચ્ચે અટકાવી દીધા છે. પાકિસ્તાને ગુરૂવારે વાઘા બોર્ડરના દરવાજા બંધ જ રાખતાં પાકિસ્તાની નાગરિકો અધવચ્ચે જ અટવાઈ ગયા છે. ભારતે પાકિસ્તાન વિરૂદ્ધ સિંધુ જળ સંધિ સસ્પેન્ડ કરવાથી માંડી પાકિસ્તાની નાગરિકોને ભારત છોડવા



જેવા આકરા નિર્ણયો લીધા છે. જેમાં પાકિસ્તાની નાગરિકોને વતન પરત ફરવા માટે આપેલું અલ્ટીમેટમ દૂર કરતાં વધુ સમય આપ્યો હતો. ભારતે આગામી આદેશ સુધી અટારી-વાઘા બોર્ડર મારફત પાકિસ્તાનીઓને વતન પરત ફરવાની મુદત આપી છે. જ્યારે પાકિસ્તાને ગુરૂવારે વાઘા બોર્ડરના દરવાજા બંધ કરી દેતાં નાગરિકો બંને દેશોની સરહદ પર અટવાયા છે. તમામ નાગરિકો અટારી બોર્ડર મારફત વતન પરત ફરી રહ્યા હતા. પરંતુ પાકિસ્તાન તરફથી દરવાજો ન ખુલતાં નાગરિકો આકરા તડકામાં રસ્તાઓ પર રહેવા મજબૂર બન્યા હતા.

## તેલંગાણામાં મિસાઈલ ઈંધણ બનાવતી કંપનીમાં જોરદાર વિસ્ફોટ થતા ત્રણના મોત, ૬ ઘાયલ

હૈદરાબાદ,તા.૧

તેલંગાણામાં એક મિસાઈલ ઈંધણ ઉત્પાદન કંપનીમાં થયેલા વિસ્ફોટમાં ત્રણ કામદારોના મોત થયા હતા અને અન્ય છ લોકોને ઈજાઓ સાથે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું કે મંગળવારે સાંજે યાદદ્રિભુવનગિરી જિલ્લાના મોટાકોંડુર મંડળમાં પ્રીમિયર એક્સપ્લોઝિવ્સ પ્રાઈવેટ લિમિટેડમાં વિસ્ફોટ થયો હતો. કાટેપલ્લી ગામમાં આવેલી આ કંપનીમાં થયેલા અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા હતા અને છ લોકો ઘાયલ થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, મૃતકોની ઓળખ સંદીપ, નરેશ અને દેવી ચરણ તરીકે થઈ છે, જેઓ મોટાકોંડુર ગામના રહેવાસી છે. તેમના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા હતા. મોટાકોંડુર પોલીસ સ્ટેશનના સબ-ઈન્સ્પેક્ટરના જણાવ્યા



અનુસાર, ‘‘મામલો નોંધવામાં આવ્યો છે અને વિસ્ફોટનું કારણ જાણવા માટે તપાસ ચાલી રહી છે.’’ દરમિયાન, મૃતકોના પરિવારોએ કંપનીની બહાર વિરોધ પ્રદર્શન કરીને પીડિતોને ન્યાય અને વળતરની માંગ કરી હતી. પ્રીમિયર એક્સપ્લોઝિવ્સ લિમિટેડ ભારતના પ્રતિષ્ઠિત મિસાઈલ કાર્યક્રમો માટે સોલિડ પ્રોપેલન્ટ્સ (મિસાઈલોમાં વપરાતા ઈંધણનો એક પ્રકાર) નું અગ્રણી ઉત્પાદક છે. ઘન પ્રોપેલન્ટ્સ એવા ઘન પદાર્થો છે જે નિયંત્રિત રીતે બળીને ધક્કો ઉત્પન્ન કરે છે, જ્યારે વિસ્ફોટકો અચાનક, ઝડપી વિસ્તરણમાં ઊર્જા મુક્ત કરે છે.

## ભારતમાં વિશ્વ માટે સર્જન કરવાનો આ યોગ્ય સમય : પ્રધાનમંત્રી મોદી

નવીદિલ્હી,તા.૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મુંબઈમાં વેવ્સ સમિટ ૨૦૨૫માં કહ્યું કે ભારતમાં સર્જનાત્મકતાની લહેર છે. સર્જકો દેશના અર્થતંત્રમાં એક નવી લહેર લાવી શકે છે. ભારત સરકાર સર્જકો સાથે છે. આ ભારતની અર્થવ્યવસ્થાનો ઉદય છે. તેમણે એમ પણ કહ્યું કે ભારતમાં સર્જન કરવાનો, વિશ્વ



માટે સર્જન કરવાનો આ યોગ્ય સમય છે. અગાઉ, પીએમ મોદીએ વેવ્સ ૨૦૨૫ - વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટમાં કહ્યું હતું કે, "આજે, ૧૦૦ થી વધુ દેશોના કલાકારો, નવીનતાઓ, રોકાણકારો અને નીતિ નિર્માતાઓ મુંબઈમાં એક છત નીચે ભેગા થયા છે. એક રીતે, આજે અહીં વૈશ્વિક પ્રતિભા અને વૈશ્વિક સર્જનાત્મકતાના વૈશ્વિક ઈકો-સિસ્ટમનો પાયો નખાયો છે. આ ખરેખર એક ’લહેર’ છે."

## પાકિસ્તાનના વિમાનો માટે ભારતે ૨૩ મે સુધી હવાઈક્ષેત્ર બંધ કર્યું

નવીદિલ્હી,તા.૧

પાકિસ્તાન સાથેના તણાવ વચ્ચે ભારતે વધુ એક મોટી કાર્યવાહી કરી છે. ભારતે ૨૩ મે સુધી પાકિસ્તાની વિમાનો માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું છે. આ સંદર્ભમાં સરકારે નોટીફિકેશન પણ જારી કર્યું છે. આ પછી, પાકિસ્તાનનું કોઈપણ નાગરિક કે લશ્કરી વિમાન ભારતીય હવાઈ ક્ષેત્ર પરથી પસાર થઈ શકશે નહીં. ચાલો એક ઉદાહરણ દ્વારા સમજીએ કે ભારતીય હવાઈ ક્ષેત્ર બંધ થયા પછી પાકિસ્તાની વિમાનોને કઈ સમસ્યાઓનો સામનો કરવો પડશે. ભારતીય હવાઈ ક્ષેત્ર બંધ થયા પછી, હવે જો કોઈ પાકિસ્તાની વિમાન ભારતીય હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ કરશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. આ પહેલા પણ પાકિસ્તાને ભારતીય વિમાનો માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું હતું. આ પછી, બુધવારે સીસીએસની બેઠકમાં, ભારતે પાકિસ્તાની વિમાનો માટે તેના હવાઈ ક્ષેત્રને બંધ કરવાના નિર્ણયને મંજૂરી આપી દીધી છે.

## એપ્રિલમાં રૂ. ૨.૩૭ લાખ કરોડની કમાણી સાથે સરકારે નવો રેકોર્ડ કર્યો

નવીદિલ્હી,તા.૧

સરકારનું જીએસટી કલેક્શન સતત વધી રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ ના પહેલા મહિનામાં જ સરકારે જીએસટી કલેક્શનના સંદર્ભમાં એક નવો રેકોર્ડ બનાવ્યો છે. ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં સરકારની વસૂલાતમાં ૧૨ ટકાથી વધુનો વધારો જોવા મળ્યો છે. નિષ્ણાતોના મતે, જીએસટી




કલેક્શનમાં વધારો થવાનું મુખ્ય કારણ સરકાર દ્વારા કરવેરા પર અંકુશ મૂકવા અને નિયમોને સરળ બનાવવાનો નિર્ણય છે. આગામી દિવસોમાં આ સંગ્રહમાં વધુ વૃદ્ધિ જોવા મળી શકે છે. સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે પરોક્ષ કર વસૂલાતનો લક્ષ્યાંક ૧૭ લાખ કરોડ રૂપિયાથી વધુ રાખ્યો છે. જેમાં જીએસટી કલેક્શનનો લક્ષ્યાંક લગભગ ૧.૨૫ લાખ કરોડ રૂપિયા છે. ચાલો તમને એ પણ જણાવીએ કે એપ્રિલ મહિનામાં જીએસટી કલેક્શન કેટલું રહ્યું?

## ભારતના હુમલાથી બચવા આતંકી હાફિઝ સઈદ લાહોરના ભરચક્ક વિસ્તારમાં છુપાયો

નવીદિલ્હી,તા.૧

ભારત સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે, પાકિસ્તાનની સરકાર, સેના અને તેના સમર્થનમાં રહેલા આતંકવાદીઓમાં ભયનું વાતાવરણ છે. હવે એ વાતનો ખુલાસો થયો છે કે પાકિસ્તાને લશ્કર-એ-તૈયબાના મુખ્ય આતંકવાદી હાફિઝ સઈદને ક્યાં છુપાવ્યો છે. ભારત તરફથી હુમલાના ડરથી પાકિસ્તાની સેનાએ હાફિઝને લાહોરના એક નાગરિક વિસ્તારમાં છુપાવી રાખ્યો છે. તેને લાહોરના મોહલ્લા જોહરમાં છુપાવ્યો છે જ્યાં પાકિસ્તાન આર્મીના સ્પેશિયલ સર્વિસ ગ્રુપના ભૂતપૂર્વ કમાન્ડો તેની ૨૪ કલાક સુરક્ષા માટે તૈનાત છે. આતંકવાદી હાફિઝ સઈદ હાલમાં જેલની સજા ભોગવી રહ્યો છે. જેલના નામે, તેમને લાહોરના એક ઘરમાં સુરક્ષિત આશ્રય આપવામાં આવ્યો છે જે મસ્જિદો, મદરેસા અને સામાન્ય લોકોના ઘરોથી ઘેરાયેલો છે. હાફિઝના ઘરની એક કિલોમીટરની ત્રિજ્યામાં થતી



પ્રવૃત્તિઓ પર નજર રાખવા માટે એક કંટ્રોલ રૂમ પણ સ્થાપિત કરવામાં આવ્યો છે. બીજી તરફ, પાકિસ્તાને આતંકવાદી નેતા હાફિઝ સઈદની સુરક્ષા વધારી દીધી છે. ભારતના હુમલાથી બચાવવા માટે પાકિસ્તાને હાફિઝ સઈદના ઘરની બહાર ચાર સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. હાફિઝ સઈદના ઘરની બહાર પાકિસ્તાની સેનાના સૈનિકો તૈનાત કરવામાં આવ્યા છે. લશ્કર ચીફના ઠેકાણાની આસપાસ ચાર કિલોમીટરના વિસ્તારમાં સીસીટીવી લગાવવામાં આવ્યા છે અને સમગ્ર વિસ્તાર પર ડ્રોન દ્વારા નજર રાખવામાં આવી રહી છે.

## પાકિસ્તાન હાઈ કમિશનને ઘેરી લઈ પહેલગામ હુમલા સામે શ્રીલંકામાં ભારે વિરોધ પ્રદર્શન

કોલંબો,તા.૧

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલાનો સમગ્ર વિશ્વમાં વિરોધ થઈ રહ્યો છે. પહેલગામ આતંકવાદી હુમલા સામે શ્રીલંકામાં પણ મોટા પાયે વિરોધ પ્રદર્શનો થયા હતા. લોકોએ પાકિસ્તાન સામે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો. તમને જણાવી દઈએ કે પહેલગામમાં પાકિસ્તાની આતંકવાદીઓએ લગભગ ૨૬



લોકોની ગોળી મારીને હત્યા કરી હતી. પહેલગામમાં પ્રવાસીઓને તેમના ધર્મ વિશે પૂછ્યા બાદ આતંકવાદીઓએ તેમને ગોળી મારી દીધી હતી. આ હુમલા સામે સમગ્ર ભારતમાં ગુસ્સો છે. શ્રીલંકામાં લઘુમતી તમિલોના એક રાજકીય જૂથે આ આતંકવાદી હુમલાનો વિરોધ કર્યો હતો. પહેલગામ આતંકવાદી હુમલાના વિરોધમાં પાકિસ્તાન હાઈ કમિશનને વિરોધીઓએ ઘેરી લીધું હતું. હાઈ કમિશનની બહાર ભારે વિરોધ પ્રદર્શન થયું હતું. તમિલ સમુદાયનું પ્રતિનિધિત્વ કરતી અવર જનરેશન પાર્ટીના સભ્યોએ વિરોધ પ્રદર્શન દરમિયાન "પાકિસ્તાને રાજ્ય પ્રાયોજિત આતંકવાદ બંધ કરવો જોઈએ" લખેલા પ્લેકાર્ડ પકડી રાખ્યા હતા. તેણે પાકિસ્તાનને પ્રાદેશિક શાંતિ સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી.

# મહેમદાબાદના કનીજ ગામ પાસે મેશ્વો નદીમાં ન્હાવા પડેલી ૬ કિશોરીઓનાં મોત

અમદાવાદ,તા.૧

બુધવારે સાંજે મહેમદાવાદ તાલુકાના કનીજ ગામ પાસે એક દુઃખદ ઘટના બની હતી. મેશ્વો નદીમાં ન્હાતી વખતે ૬ કિશોરીઓના ડૂબી જવાથી મોત નિપજ્યા હતા. ગઈકાલે સ્થાનિક તરવૈયાઓએ બે કિશોરીઓના મૃતદેહ બહાર કાઢ્યા હતા. આ કિશોરીઓ ગરમીથી રાહત મેળવવા માટે નદીમાં ન્હાવા ગઈ હતી. તે નદીના ઊંડા પાણીમાં ડૂબી ગઈ, જેના કારણે સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો હતો. ઘટનાની માહિતી મળતા જ મહેમદાવાદ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મહેમદાવાદ તાલુકાના કનીઝ ગામે અમદાવાદથી રજાઓ ગાળવા કિશોરીઓ આવી હતી. અમદાવાદના નરોડાના રહેવાસી ચાર બાળકો રજા માણવા માટે મહેમદાવાદ તાલુકાના કનીજ ગામમાં તેમના મામાના ઘરે આવ્યા



હતા, પરંતુ રજાઓનો આનંદ માણવાને બદલે તેમને મોતને ભેટવું પડ્યું હતું. આ ઘટના બુધવારે સાંજે ૬.૩૦ વાગ્યે બની હતી. ઘટનાની માહિતી મળતા જ સ્થાનિક ધારાસભ્ય અર્જુન સિંહ ચૌહાણ, જિલ્લા કલેક્ટર અમિત પ્રકાશ યાદવ, ખેડા જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયા ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સ્થાનિક તરવૈયાઓ અને ફાયર બ્રિગેડ દ્વારા ત્રણ કલાકની મહેનત બાદ, છ મૃતદેહોને પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા અને પોસ્ટમોર્ટમ માટે મહેમદાબાદ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જેમાં અમદાવાદની ૪ કિશોરીઓનો સમાવેશ થાય છે.

**બાબરાના પાટીદાર જીનિંગ મીલ પરિવારને અકસ્માત નડ્યો**

# વલ્લભીપુર નજીક અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ સભ્યોના મોત નિપજ્યા

બાબરા,તા.૦૧

અમદાવાદથી બાબરા પરત ફરી રહેલા બાબરા પાટીદાર જીનિંગ મીલવાળા જીતુભાઈ પાટીદાર પરિવાર સાથે આવતા હતા ત્યારે વલ્લભીપુરના કાનપર ગામ પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પુરપાટ ઝડપે આવતી આયસર ગાડીએ અડફેટે લેતા ઘટનાસ્થળે ભુપતભાઈ





રામજીભાઈ બોરસાણીયાનું મોત થયું હતું. ગંભીર રીતે ઘાયલ જય જીતુભાઈ બોરસાણીયાનું ભાવનગર હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. ગુરુવારે સવારે દાદા અને પૌત્રની સ્મશાન યાત્રા પૂર્ણ થયા બાદ, ઈજાગ્રસ્ત એકતાબેન, જે જયભાઈના પત્ની હતા અને ગર્ભવતી હતા, તેમનું પણ ભાવનગર ખાતે નિધન થયું હતું. અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ સભ્યોના મોતથી અમરેલી જિલ્લા સહિત પાટીદાર સમાજમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

# નૌકાદળનું આધુનિક યુધ્ધ જહાજ 'આઈએનએસ સુરત' હજીરા પહોચ્યું

સુરત,તા.૦૧



ભારતીય નૌકાદળનું આધુનિક યુદ્ધ જહાજ 'INS સુરત' ચોર્યાસી તાલુકાના હજીરા અદાણી પોર્ટ પર આવી પહોંચ્યું હતું. આધુનિક યુદ્ધ તકનીકોથી સજ્જ આ લડાયક જહાજનું હજીરા પોર્ટ પર ભવ્ય સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે રાજ્યસભા સાંસદ ગોવિંદ ધોળકિયાએ જણાવ્યું કે, ભારત પાસે ચાર જેટલા યુદ્ધ જહાજો છે, જે પૈકી INS સુરત જહાજ તમામ ટેક્નોલોજીથી સજ્જ છે. સુરતના આંગણે જહાજ આવ્યું છે એ આપણા માટે ગૌરવની ક્ષણ છે. આમ જનતા માટે આ જહાજ નિહાળવા માટે પ્રવેશ વ્યવસ્થા નથી. તા.૧ અને ૨ મે દરમિયાન અદાણી હજીરા પોર્ટ પર માત્ર આમંત્રિતોને જ પ્રવેશ મળશે.

# અજમેર ખાતે હોટલમાં લાગેલી આગમાં લાઠીના એક જ પરિવારના ત્રણ ભડથું

**૩૦ મિનિટમાં જ આગે આખી હોટલને લપેટમાં લઈ લીધી**

અમરેલી,તા.૦૧

અજમેરની એક હોટલમાં લાગેલી આગમાં અમરેલી જિલ્લાના લાઠીના દંપતી અને તેમના ત્રણ વર્ષના પુત્ર સહિત ચાર લોકોના મોત થયા છે. જ્યારે ચાર લોકો દાઝી ગયા છે. તેમની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. માત્ર ૩૦ મિનિટમાં







આગે આખી હોટલને લપેટમાં લઈ લીધી હતી. બીજી તરફ, વધુ એક બાળક પણ આગની ચપેટમાં આવી ગયું હતું. માતાએ તેને ઉપાડીને બારીમાંથી નીચે ફેંકી દીધું હતું. આગથી બચવા માટે એક યુવક ચોથા માળેથી કૂદી પડ્યો હતો. દિગ્ગી બજારમાં આવેલી નાઝ હોટેલમાં સવારે ૮ વાગ્યે આગ લાગી હતી. થોડી જ વારમાં આગ હોટલના પાંચમા માળે પહોંચી ગઈ હતી. હોટલમાં મોટી સંખ્યામાં યાત્રાળુઓ રોકાયા હતા. લગભગ સાડા ત્રણ કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવી શકાયો હતો.

**એક જ પરિવારના ત્રણ લોકો જીવતા સળગ્યા**

લાઠીના મેમણ સમાજના અલ્ફાઝ નુરાની પોતાની પત્ની શબનમ અને ૩ વર્ષના પુત્ર અરમાન સાથે અમદાવાદથી ટ્રાવેલ્સમાં ગયા હતા. મામાના ઘરે બે દિવસ રોકાયા પછી બુધવારે સવારે અજમેર ગયા હતા. ત્યારે હોટેલમાં આ કરૂણાંતિકા સર્જાઈ હતી.

# સુરતના શિક્ષિકા-વિદ્યાર્થીના કેસમાં મોટા ઘટસ્ફોટ પ્રેમસંબંધમાં શારીરિક સંબંધ બાંધ્યા હોવાનો ખુલાસો

(એચ.એસ.એલ),સુરત,તા.૦૧

શહેર સહિત આખા રાજ્યમાં ચર્ચાસ્પદ બનેલા ૨૩ વર્ષીય શિક્ષિકા અને ૧૧ વર્ષના વિદ્યાર્થીના કિસ્સામાં મસમોટા ખુલાસા થયા છે. આ કેસમાં પુણા પોલીસે ચાર દિવસ બાદ બુધવારે સવારે બંનેને ગુજરાત રાજસ્થાન બોર્ડર ઉપર રતનપુર પાસેથી ચાલુ બસને આંતરી ઝડપી લીધા હતા. પહેલા બંનેએ પરિવારના ઠપકાથી



ઘર છોડ્યાની વાત કરી હતી. જોકે, પોલીસની કડક પૂછપરછ બાદ તેમની વચ્ચે એક વર્ષથી પ્રેમસંબંધ હોવાની અને અનેકવાર શરીર સંબંધ બંધાયાની પણ ચોંકાવનારી કબૂલાત કરી છે. આ વિદ્યાર્થીની ઉંમર ૧૧ નહી પણ ૧૩ વર્ષની હોવાનો પણ ખુલાસો થયો છે.

# ફોજદારી કેસ હોય તો પણ ૧૦ વર્ષ સુધી પાસપોર્ટ રિન્યુ થશે : હાઈકોર્ટ

અમદાવાદ,તા.૦૧

પાસપોર્ટને લઈને ગુજરાત હાઈકોર્ટ દ્વારા મહત્ત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. જેમાં આદેશ કરાયો કે, ક્રિમિનલ કેસ પેન્ડિંગ હોય તો પણ દસ વર્ષ માટે પાસપોર્ટ રિન્યૂ થઈ શકે છે. ટ્રાયલ કોર્ટ દ્વારા વિદેશ જવા અંગેની શરતો લાદી શકાય છે. પરંતુ, પાસપોર્ટ વિભાગ પાસે આવી કોઈ સત્તા નથી. ગુજરાત હાઈકોર્ટે બંધારણના અનુચ્છેદ ૨૧નું અવલોકન કરતા કહ્યું કે, વિશ્વમાં ક્યાંય પણ મુસાફરી કરવી એ બંધારણનો મૂળભૂત અધિકાર છે. આરોપીને ટ્રાયલ દરમિયાન કોર્ટ સમક્ષ હાજર કરવાની જવાબદારી આરોપી અને ટ્રાયલ કોર્ટ બંનેની છે. આરોપી સામે કેવા પ્રકારનો ક્રિમિનલ કેસ પેન્ડિંગ છે, તેના આધારે પાસપોર્ટ રિન્યુ કરવો કે નહીં તે અંગેનો નિર્ણય કરવાનો અધિકાર પાસપોર્ટ ઓફિસનો નથી. આ સિવાય હાઈકોર્ટે નોંધ્યું કે, કેન્દ્ર દ્વારા લાગુ કરવામાં આવેલા પાસપોર્ટ એક્ટ હેઠળના નિયમોનું અર્થઘટન કરવામાં આવે.

# ગુજરાત હાઈકોર્ટમાં ૭ નવા જસ્ટિસની નિમણૂક : સંખ્યા વધીને ૩૮ની થઈ

અમદાવાદ, તા.૦૧

ગુજરાત હાઈકોર્ટને ૭ નવા જસ્ટિસ મળ્યા છે. ભારતના બંધારણ દ્વારા આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટે કોલેજિયમની ૭ જજોની નિમણૂકની ભલામણને મંજૂરી આપી હતી. અગાઉ હાઈકોર્ટમાં ૩૧ જસ્ટિસ હતા, પરંતુ હવે ૭ નવા જસ્ટિસ મળતાં આ સંખ્યા વધીને ૩૮ થઈ ગઈ છે. નવા



નિમણૂક કરાયેલા તમામ જસ્ટિસ આગામી દિવસોમાં શપથ લેશે. નવા જજોમાં લિયાકતહુસૈન શમસુદીન પીરઝાદા, રામચંદ્ર ઠાકુરદાસ વાછાણી, જયેશ લાખણશીભાઈ ઓડેદરા, પ્રણવ મહેશભાઈ રાવલ, મૂળચંદ ત્યાગી, દીપક મનસુખલાલ વ્યાસ, ઉત્કર્ષ ઠાકોરભાઈ દેસાઈનો સમાવેશ થાય છે.


**સમગ્ર સૌરાષ્ટ્રભરમાં પાણીના બોર માટેનું વિશ્વાસપાત્ર નામ**



ટાઈગર બોરવેલના વધારે વિડીયો જોવા માટે YouTube ચેનલમાં TIGER BORWELL સબસ્ક્રાઈબ કરો

કુવાના આડા બોર

૩ ઈંચ થી ૪॥। - ૫૦૦ ફુટ સુધી કરાવવા માટે મળો

ટાઈગર TIGER BORWEL બોરવેલ

પિયુષભાઈ પટેલ મો.૯૮૨૫૨ ૧૨૬૭૪


# સુરતમાં અલ્પેશ કથીરિયાનો હૂંકાર : માંની ગાળ કોઈ ન ખાય, ગોળી ખાય

સુરત,તા.૦૧

સુરતના મોટા વરાછા વિસ્તારમાં ગુરુકૃપા ફાર્મહાઉસ ખાતે અલ્પેશ કથીરિયાનું સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન તેમણે ફરી એકવાર ગોંડલની ચર્ચા કરી હતી. જાહેર મંચ પરથી તેમણે કહ્યું હતું કે સૌરાષ્ટ્રમાં કહેવત છે કે માના દૂધને પડકાર ફેંકે અને કોઈ ગાળો આપે એ કોઈ ન ખાય, ગોળી ખાઈ લે.

# ગુજરાત સ્થાપના દિવસ પર મોદી અને અમિત શાહે શુભેચ્છા પાઠવી

ગાંધીનગર,તા.૦૧

ગુજરાતના સ્થાપના દિવસ પર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત અનેક મહાનુભવોએ રાજ્યની જનતાને અભિનંદન પાઠવ્યા છે. ગુજરાતના સ્થાપના દિવસે વડાપ્રધાન મોદીએ ટવીટ કરીને કહ્યું ગુજરાત સ્થાપના દિવસના આ ગૌરવપૂર્ણ અવસરે રાજ્યના નાગરિકોને મારી હાર્દિક શુભકામનાઓ.



ગુજરાતે, તેની આગવી સંસ્કૃતિ, ઉદ્યોગસાહસિકતાની ભાવના અને ગતિશીલતાને કારણે એક વિશિષ્ટ ઓળખ ઊભી કરી છે અને, રાજ્યના નાગરિકોએ વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદાન કર્યું છે. રાજ્ય પ્રગતિની નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરતું રહે એ જ અભ્યર્થના. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ ગુજરાતના સ્થાપના દિવસ પર ગુજરાતની જનતાને અભિનંદન પાઠવતા કહ્યું વૈવિધ્યસભર કુદરતી સંપદા, ઐતિહાસિક સાંસ્કૃતિક વારસો અને આતિથ્ય માટે પ્રસિદ્ધ ગુજરાતના સૌ બહેનો અને ભાઈઓને ગુજરાત દિવસની અનેકાનેક શુભેચ્છાઓ. ગુજરાતે હંમેશા પોતાની પ્રતિભા, પરિશ્રમ તેમજ વ્યવહાર કુશળતાથી વિશ્વભરના લોકોને આકર્ષિત કર્યા છે.


POLO PLUS પોલો પ્લસ CONTAINERS

અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડકટ બનાવીએ છીએ....




વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૭૮૯૯૬૯૮૮

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર

ડો. ચિરાગ વી.કુબાવત (M.B.D.G.O.) Diploma in Gynec Endoscopy (FRANCE)

સ્ત્રી રોગ પ્રસુતી તથા દુરબીનથી તથા ઓપરેશનના નિષ્ણાંત

અમરેલી જીલ્લામાં દુરબીનની થતા ગાયનેક ઓપરેશનોના પહેલા નિષ્ણાંત

ઉપલબ્ધ સુવિધા :- ■ નોર્મલ/જોખમી સિઝરીયન ડીલવરી ■ પેઈનલેસ (પીડા રહીત ડીલવરી ) 3D/4D કલર ડોપલર/ ખોડખાપણની સોનોગ્રાફી ■ ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન ■ વંધ્યત્વની વૈજ્ઞાનિક/ આધુનિક સારવાર/IUI ■ ૨૪ કલાક કાર્યરત લીફટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સ સુવિધા

ડો. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)

નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત

-: ઉપલબ્ધ સુવિધા :-
■ રસીકરણ કેન્દ્ર નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
■ આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણ વાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર ■ જન્મથી ૧૭ વર્ષ સુધિના બાળકોની તપાસ/સારવાર

જુના પાંચમાળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી - મો.૯૭૨૩૭ ૯૯૦૯૧

ઓપીડી સમય
સોમ-શનિ સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮

નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
અમરેલી - ૩૬૫ ૬૦૧
ફોન નં: (૦૨૭૯૨) ૨૨૩૫૫૭ / ૨૩૦૫૫૭

સોનાના ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે
6356560000
મીસકોલ કરો અને SMS થી ભાવ જાણો.